# વિશ્વવિહાર

**વર્ષ : 27 * અંક : 8 * મે 2025 * કિં. ₹ 15**






પુસ્તકદિન નિમિત્તે ‘પુસ્તકોએ કરેલું મારું વૈચારિક ઘડતર’ વિશે
અનામિક શાહ, ભરત મહેતા, સંજય ચૌધરી



ઉપસ્થિત સભાજનો

આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી ‘વિશ્વવિહાર’માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું ‘વિશ્વવિહાર’ દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : ‘ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ’ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# આતંકવાદનું પિયર : પાકિસ્તાન



પ્રવીણ ક. લહેરી

ભારત અને પાકિસ્તાનને આઝાદીનાં ૭૭ વર્ષ થયાં છે. આ વર્ષો દરમિયાન ભારત અને પાકિસ્તાન સારા પાડોશી દેશો હોવા જોઈતા હતા. કમનસીબે આઝાદી બાદનાં ૭૭ વર્ષોનો ઇતિહાસ અરસપરસના અવિશ્વાસ અને દુશ્મનાવટનો રહ્યો છે. ભારતનું વિભાજન કરી મુસ્લિમો માટે 'હોમ લૅન્ડ' માંગનાર મુસ્લિમ લીગ અને તેના સર્વોચ્ચ નેતા મહમદ અલી ઝીણાના આહ્વાનને કારણે ૧૬મી ઑગસ્ટ, ૧૯૪૬ના રોજ જે સીધાં પગલાંઓ (ડાયરેક્ટ ઍક્શન) જે કોમી હુલ્લડો, જાનમાલની ખુવારી અને બર્બરતાનો કઢંગો નાચ જોતાં જ કૉંગ્રેસના મોટા ભાગના આગેવાનોએ વિભાજન હવે અનિવાર્ય છે તેવો અભિપ્રાય બાંધ્યો. ગાંધીજી અને ખાન અબ્દુલ ગફારખાનનો વિભાજન કરતાં આંતરિક યુદ્ધ શ્રેયસ્કારી હશે તેવું મંતવ્ય કોઈને અસર ન કરી શક્યું.

૧૪મી ઑગસ્ટ, ૧૯૪૭માં આઝાદી મેળવતાં સાથે જ પાકિસ્તાનનાં શહેરો; કરાંચી, મુલતાન, લાહોર, ક્વેટા જેવાં તમામ સ્થળે વ્યાપક તોફાનો ફાટી નીકળ્યાં. હિંદુ, શીખ વગેરે લોકોએ અનેક પેઢી સુધીના વસવાટના વતનને છોડીને ભારત તરફ નાસી જવું પડ્યું. દેશના વિભાજનના પગલે હત્યાઓ થઈ, બળાત્કારો અને અપહરણો થયાં, લૂંટફાટ થઈ અને બે કરોડ લોકોની હિજરત થઈ તે ઘટનાઓનું વર્ણન વાંચીએ તો આપણે વિહ્વળ થઈ જઈએ છીએ. વિશ્વના ઇતિહાસમાં આ સૌથી કલંકિત પ્રકરણનો અંજામ દેવાનો દોષ પાકિસ્તાન પર છે. પાક પ્રદેશોમાં કાફિરો રહી જ કેમ શકે ? ઇસ્લામી કટ્ટરવાદ ત્યારે પ્રભાવશાળી બન્યો હતો. આજે આ ધર્માંધતા વિશ્વના અનેક દેશોમાં સૌથી જટિલ સમસ્યા બની છે. ૧૯૪૭-૪૮માં લઘુમતીઓના દમન અને તેના પરના અમાનુષી અત્યાચારો સાથે સાથે જ જમ્મુ અને કાશ્મીરનું રાજ્ય પડાવી લેવા માટે પાકિસ્તાને કબીલા તરીકે જાણીતા ઝનૂની સૈનિકોનાં ટોળાંઓ મોકલી કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવો શરૂ કર્યો. કાશ્મીરના રાજા હરિસિંહે ભારત સાથે જોડાણ કર્યું અને ભારતીય લશ્કરે કબીલાઓને ખદેડીને કાશ્મીર ઘાટી અને જમ્મુ પ્રદેશને બચાવ્યો. યુનાઈટેડ નૅશન્સ પ્રેરિત યુદ્ધબંધીના કારણે જમ્મુ કાશ્મીર રાજ્ય બે ભાગોમાં વિભાજિત છે. પશ્ચિમ તરફનો ભાગ પાકિસ્તાનને કબજે છે. જ્યારે પૂર્વ ભાગ ભારતના અંકુશ હેઠળ છે. પાકિસ્તાને આ કાશ્મીર પ્રશ્નને સતત ચગાવીને ભારતને સતત નુકસાન કરવામાં કોઈ કસર નથી છોડી. ભારતે જ્યારે જ્યારે સંબંધો સુધારવા પહેલ કરી છે ત્યારે પાકિસ્તાને ભારતમાં આતંક ફેલાવી કાશ્મીર મુદ્દે આ સઘળું થાય છે તેવું ગાણું ગાવાનું ચાલુ રાખ્યું છે.

ભારત-પાકિસ્તાન વચ્ચેનાં યુદ્ધો, ૧૯૬૫ની લડાઈ કે ૧૯૭૧માં બાંગ્લાદેશની આઝાદી કે કારગિલની ચોટીઓ પરનો કબજો હોય, પાકિસ્તાન આ યુદ્ધો હાર્યું છે. ૧૯૭૧ના યુદ્ધના કારમા પરાજય બાદ અને ૯૫,૦૦૦ જેટલા સૈનિકોની શરણાગતિની નાલેશી થતાં પાકિસ્તાને ભારતને ભીડવવા માટે સરહદ પર ગોળીબારો, તોપમારો,

ત્રાસવાદીઓ મારફત ભારતમાં જાનમાલની હાનિનો સિલસિલો ચાલુ રાખ્યો છે. પાકિસ્તાનના લશ્કરમાં ભરતી થનાર દરેક સૈનિક ૧૯૭૧ની હારનો બદલો લેવા 'ભારતને હું છિન્નભિન્ન કરી દઈશ' - તેવા શપથ લે છે. સેંકડો તાલીમી કૅમ્પો દ્વારા દર વર્ષે હજારોની સંખ્યામાં યુવાન-યુવતીઓને જાસૂસ કે ત્રાસવાદીઓને ભારત વિરુદ્ધ કામગીરી કરવા તૈયાર કરે છે. પાકિસ્તાન છેલ્લાં ૫૦ વર્ષોથી તો આતંકવાદના પિયર તરીકે અનેક ત્રાસવાદીઓને તૈયાર કરે છે, તેમને શસ્ત્રો આપીને ચોક્કસ યોજના મુજબ આતંકી હુમલાઓ કરતું રહે છે. આ ત્રાસવાદીઓના મગજમાં ઈસ્લામની મહત્તા, ધર્મના આદેશ પ્રમાણે કાફિરોનો સંહાર સહિત સૌને નુકસાન કરવા માટે પાકિસ્તાન ખૂબ મોટો ખર્ચ ઉઠાવીને આ ત્રાસવાદીઓને ભારતમાં ઘુસાડી અંધાધૂંધી ફેલાવવા માટે કાર્યરત છે.

આ પૂર્વભૂમિકા વચ્ચે ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પહેલગામની હરિયાળી જમીન પર સેંકડો પ્રવાસીઓ પ્રકૃતિની સુંદરતાનો નજરો માણતા હતા ત્યારે સાવ અચાનક આતંકીઓની એક ટોળકીએ હિંદુ પુરુષ-પ્રવાસીઓને અલગ તારવી તેમના પરિવારના સભ્યો સામે નિર્દયતાથી જે હત્યાઓ કરી તે દર્શાવે છે કે આ આતંકીઓ માટે માનવજીવનનું કશું મૂલ્ય નથી. ઠંડે કલેજે ૨૮ લોકોની હત્યા અને ૨૦થી વધારે લોકોને થયેલી ઈજાથી આપણો દેશ સ્તબ્ધ રહી ગયો છે. લોકોનો આક્રોશ ચરમસીમાએ છે. ક્યાં સુધી અને શા માટે આપણે આ આતંકીઓનો ત્રાસ ભોગવવો ? તેના મૂળમાં રહેલા પાકિસ્તાનને શા માટે પદાર્થપાઠ ન શીખવવો ? ચીન, અમેરિકા અને રશિયા

## અનુક્રમ


| | | |
|---|---|---|
| આતંકવાદનું પિયર : પાકિસ્તાન | ૩ | પ્રવીણ ક. લહેરી |
| અલવિદા કુમીબહેન ! | ૮ | બેલા ઠાકર |
| ઉપગ્રહ પ્રક્ષેપણમથકના સ્થળની પસંદગી | ૧૦ | ચિંતન ભટ્ટ |
| મારું જીવન અંજલિ થાજો ! | ૧૩ | કુમારપાળ દેસાઈ |
| હશે, દરેકને પોતાની પ્રાથમિકતા હોય છે ! | ૧૮ | કૃષ્ણકાંત ઉનડકટ |
| ટ્રાફિકના ગુનાઓ અને ગ્રીટિંગ્ઝ કાર્ડ | ૨૦ | રતિલાલ બોરીસાગર |
| ફીચર્સ હોય એવા સ્માર્ટફોન ઈતિહાસ બની જશે | ૨૩ | હર્ષ મેસવાણિયા |
| મૃગજળમાં તરતો ઈશ્વરનો ચહેરો | ૨૫ | ભારતી રાણે |
| પૃથ્વીથી અંતરિક્ષ ભણી | ૨૮ | કશ્યપ એન. માંકડ |
| બેરફૂટ સાયન્ટિસ્ટ | ૩૦ | પ્રીતિ શાહ |
| હૉંગકૉંગનું કૉફિન હાઉસ ૭૫૮ | ૩૨ | હેમંત વાળા |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | – |

જેવી મહાસત્તાઓએ આ ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી છે. સૌ જાણે છે કે આનું પ્રેરણાસ્થાન ક્યાં છે. કોઈ દેશ પાકિસ્તાનને સીધી રીતે દોષ નથી દેતો ત્યારે આપણને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રવર્તતા દંભનાં દર્શન થાય છે. અગાઉ પઠાણકોટના લશ્કરી કૅમ્પ પરના અને પુલવામામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસની વાન પર હુમલા કરી આતંકવાદીઓએ ભારતને પડકાર ફેંક્યો હતો. ભારતે સર્જિકલ સ્ટ્રાઇક દ્વારા આનો ઉચિત જવાબ આપ્યો હતો.

પાકિસ્તાનમાં દેખાવ પૂરતી લોકશાહી છે, પણ ૧૯૫૬માં જનરલ અયુબખાનના લશ્કરી શાસન બાદ છેલ્લાં ૬૯ વર્ષથી પાકિસ્તાન પર વાસ્તવિક અંકુશ લશ્કરનો રહ્યો છે. લશ્કર માટે આઈ.એસ.એ. (ઇન્ટર સર્વિસીઝ એજન્સી) નામનું જાસૂસી તંત્ર સૌથી શક્તિશાળી સત્તાબિંદુ છે. અગાઉ અમેરિકાની સી.આઈ.એ. તથા ત્યારબાદ ચીન મારફત આ સંસ્થાને તાલીમ આપવામાં આવી છે. છેલ્લાં ૭૫ વર્ષથી અમેરિકા અને ૫૦ વર્ષથી ચીન ખુલ્લી રીતે પાકિસ્તાનના પક્ષમાં રહે છે. થોડા સમય માટે અમેરિકી-ભારત મૈત્રીનું વાતાવરણ તૈયાર થાય છે પણ અચાનક ભારત-અમેરિકી સબંધોમાં કડવાટ આવી જાય છે. ભારતે શક્તિશાળી લડાકુ વિમાન ‘તેજસ’ વિકસાવ્યું પણ અમેરિકાએ તેનાં એન્જિનોનો પુરવઠો રોકી દીધો. અણુ અને અવકાશના ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનાર સેંકડો વૈજ્ઞાનિકોના શંકાસ્પદ મૃત્યુ પાછળ અમેરિકાનો હાથ હોવા વિશે હવે કોઈ શંકા નથી રહી. આજે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અમેરિકામાં થતી આયાતો પર ટેરિફ નાખવાથી અનેક દેશો સાથે ટેરિફ વૉર ચાલે છે. યુક્રેન-રશિયા વચ્ચે દીર્ઘ મંત્રણા બાદ પણ શાંતિકરાર આખરી થતો નથી. ઇઝરાયલ અને હમાસ હિઝબુલ્લા અને હોથી સાથે સમાધાન થવાનો અણસાર નથી તેવા માહોલમાં પહેલગામ નરસંહારને કારણે ભારત-પાકિસ્તાન વચ્ચેનો તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. દેશમાં નોંધપાત્ર સંખ્યામાં લોકો પાકિસ્તાનની ક્રૂર હરકતોથી તંગ આવી એક વખત તો આરપારની લડાઈ એ જ ઉકેલ છે તેમ દૃઢપણે માને છે. જોકે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ યુક્રેન યુદ્ધ સમયે કહ્યું હતું; ‘કોઈ પણ સમસ્યાના ઉકેલ માટે આજના સમયમાં યુદ્ધ એ વિકલ્પ નથી.’ ભારતીય લશ્કરના એક નિવૃત્ત જનરલે અભિપ્રાય આપ્યો છે; ‘આવેગ કે લાગણીમાં તણાઈને પાકિસ્તાન સાથે યુદ્ધ કરવાની ઉતાવળ ન કરવી જોઈએ. પાકિસ્તાન અણુશક્તિ ધરાવતું રાષ્ટ્ર છે. પરંપરાગત યુદ્ધમાં તે ટકી શકે તેવી શક્તિ ધરાવે છે. યુદ્ધથી થનાર ખુવારી એટલી વિશાળ હોઈ શકે કે આર્થિક વિકાસમાં આપણે વર્ષો સુધી પાછળ ધકેલાઈ જઈએ. યુદ્ધ અનિવાર્ય હોય તો ખૂબ સારી આગોતરી તૈયારી કરીને પગલું ભરવું જોઈએ.’

ભારત સરકારે પહેલગામ હત્યાઓને ગંભીરતાથી લેતાં પાકિસ્તાનની ખેતી માટે જીવનરેખા જેવી સિંધુ નદીના પાણી અંગે ભારત-પાકિસ્તાન વચ્ચેની સંધિ મુલત્વી રાખી છે. પાકિસ્તાન સાથેની સરહદો-ચેક પોસ્ટ પરથી અવરજવર સંપૂર્ણપણે બંધ કરી છે. આપણા દૂતાવાસના ઘણા મહત્ત્વના પદાધિકારીઓને ભારત પરત બોલાવ્યા છે. પાકિસ્તાની નાગરિકોને વિઝા રદ કરી તેમને ૧લી મે સુધીમાં ભારત છોડી જવા આદેશ કર્યો છે. પાકિસ્તાનના દૂતાવાસના મહત્ત્વના અધિકારીઓને ભારત છોડવા

હુકમો કર્યા છે. આની પ્રતિક્રિયા રૂપે પાકિસ્તાને તેની ઍરસ્પેસ ભારતીય વિમાનો માટે બંધ કરી છે. વેપારના પ્રતિબંધો કડક કર્યા છે. સિમલા કરાર રદ કર્યો છે. સિંધુ નદીનું પાણી ભારત રોકશે તો યુદ્ધ થશે તેવી ધમકી આપી છે. પહેલગામ હુમલા સાથે પાકિસ્તાનને કોઈ સબંધ નથી તેવો દંભી દાવો કર્યો છે.

પહેલગામના હુમલાની સૌથી ઘેરી અસર કાશ્મીરના પ્રવાસન ઉદ્યોગ પર પડી છે. બંધારણની કલમ ૩૭૦ હેઠળની ખાસ સવલતો રદ કર્યા બાદ ૨૦૧૯થી ૨૦૨૧ સુધી કાશ્મીરમાં કર્ફ્યૂ અને લશ્કરી બંદોબસ્ત રાખવા જરૂરી બન્યા હતા. ચાર-પાંચ વર્ષથી કાશ્મીરનું જનજીવન સામાન્ય બન્યું હતું. વર્ષ ૨૦૨૪માં ૩૫ લાખ જેટલા પ્રવાસીઓ આવ્યા હતા જેમાં મોટા ભાગના ભારતીયો હતા. તેના થકી કાશ્મીરના અર્થતંત્રને રૂપિયા ૩૫૦ કરોડનો લાભ થયો હતો. પહેલગામ હુમલા બાદ ૮૦ ટકા જેટલા પ્રવાસીઓએ પોતાનો પ્રવાસ રદ કરતાં પ્રવાસન ક્ષેત્રમાં થયેલી પ્રગતિમાં સૌથી મોટી પીછેહઠ થઈ છે. આતંકી હુમલો કરનાર ત્રાસવાદીઓ કાશ્મીરની રોજિંદા જીવનની શાંતિ ખતમ કરવા ઇચ્છતા હતા. કમનસીબે તેઓ હિંસાથી આ હેતુ સિદ્ધ કરી શક્યા છે. ભારત સરકારે ફરી લોકોને કાશ્મીરમાં શાંતિ અને સલામતીનો અહેસાસ કરાવવા ઝડપી કાર્યવાહી કરવી પડશે.

પાકિસ્તાન સાથે યુદ્ધ કરવાથી તેની વિચારણા બદલાશે તે ધારણા સાચી નથી. ૧૯૭૧ની હાર બાદ પાકિસ્તાન સમજે છે કે ભારત સાથે યુદ્ધ જીતવું તેના માટે અશક્ય છે. આવી સમજણ કદાચ આવી હોય તોપણ સરહદ પર સતત છમકલાં કરવાં, આપણા દેશમાં આતંક ફેલાવવો અને 'સ્લીપર સેલ' સ્થાનિક ગદ્દારોને તૈયાર કરી જ્યાં તક મળે ત્યાં ભાંગફોડ કરવી, અશાંતિ ફેલાવવી કે હુમલાઓ કરવાની પ્રવૃત્તિઓ સતત ચલાવે છે. પાકિસ્તાનના જાસૂસીતંત્રની કમર ભાંગી નાખે, મહત્ત્વના ત્રાસવાદીઓ પર ઇઝરાયલ પદ્ધતિથી હુમલા સહિત બોધરૂપ કાર્યવાહી કર્યા સિવાય ભારત માટે હવે અન્ય વિકલ્પ નથી. પાકિસ્તાનના આતંકવાદી તાલીમ કૅમ્પોનો નાશ, કાશ્મીરના લોકોને તેઓ માટે પાકિસ્તાનમાં જવાથી બરબાદી માત્ર છે તેવી સમજણ કેળવાય તે જરૂરી છે.

પાકિસ્તાન આર્થિક રીતે પાયમાલ થઈ ચૂક્યું છે. સાઉદી અરેબિયા અને ચીનની પાસેથી લોન લઈને વિદેશી મુદ્રા મારફત દેવું ચૂકવતું પાકિસ્તાન ભારતે લાદેલા પ્રતિબંધો લાંબો સમય જીરવી શકશે નહીં. ચીજ-વસ્તુઓની તંગી, મોંઘવારી અને આંતરિક અસંતોષના કારણે સામાન્ય માણસ ભારતની અને વડાપ્રધાન મોદીની પ્રશંસા કરે છે. ભારતે સાચો વિકાસ કર્યો છે અને પાકિસ્તાને જાતે કરીને ભારતદ્વેષ થકી પોતાના જ પગ પર કુહાડો માર્યો છે તેવી લાગણી પ્રબળ થઈ છે.

પાકિસ્તાનની આતંકવાદને ફેલાવતી ફૅક્ટરીને નિયંત્રણમાં લેવામાં અમેરિકા ગંભીર રીતે મદદ કરશે ? આ પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર આપવો મુશ્કેલ છે. ચીન પણ ભારત સાથે મૈત્રી વધારવાનો ડોળ કરશે પણ તેના કહેવા પર કોઈ ભરોસો કરવો ખૂબ જોખમી છે. રશિયાએ સાત-સાત દાયકા ભારત સાથે મૈત્રી નિભાવી છે. રશિયાને આજે ચીન

અને ટ્રમ્પની સરકાર સાથે સારા સબંધો છે. જો રશિયા, સાઉદી અરેબિયા અને યુ.એ.ઈ. પાકિસ્તાન પર દબાણ વધારે તો સંભવ છે કે પાકિસ્તાની લશ્કરની બેફામ કાર્યવાહી પર થોડો અંકુશ આવી શકે. આજે ભારતની રાજનૈતિક કુશળતા માટે સૌથી કપરી કસોટીનો સમય છે.

પહેલગામની ઘટના બાદ પાકિસ્તાનનું વલણ સુધરવાને બદલે બગડવાનું થયું છે. ભારત પર પ્રતિબંધો નાખ્યા છે. જે રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે સમગ્ર ઘટનાની નિંદા થઈ છે તે જોતાં ભારત માટે સહાનુભૂતિનું વાતાવરણ બન્યું છે. આપણે ખૂબ વિચારપૂર્વક પ્રતિભાવો આપવાના રહેશે. યુદ્ધ કરતાં આર્થિક અને રાજકીય દબાણની ધારી અસર થશે. પાકિસ્તાન આજે ત્રિભેટે આવીને ઊભું છે. પાકિસ્તાને આર્થિક પાયમાલીમાંથી બહાર આવવા માટે ત્રાસવાદ છોડીને સૌહાર્દપૂર્ણ વાતાવરણ બનાવ્યા વિના તેની પાયાની કોઈ સમસ્યા હલ થશે નહીં. પઠાણકોટ, પુલવામા અને હવે પહેલગામની ઘટનાઓને એકત્ર કરીને જોઈએ તો આ તમામ પાછળ પાકિસ્તાનનો હાથ છે. ભારતે પ્રથમ વાર આકરાં પગલાં લીધાં છે.

આપણે હાલ તો રાહ જોઈએ. ભવિષ્યમાં ભારત-પાકિસ્તાન વચ્ચેનો તણાવ ઘટવાના બદલે વધે તો સરવાળે પાકિસ્તાનને જ નુકસાન છે. આપણા માટે સંયમ સાથે શક્તિનું પ્રદર્શન, ધીરજ સાથે સમુચિત વ્યૂહરચના અને કડકાઈ સાથે સમજણપૂર્વકનો પ્રતિભાવ ધાર્યું પરિણામ લાવે તો બંને દેશો માટે એક નવો માર્ગ ખુલશે.

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક ‘વિશ્વવિહાર’માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે ‘વિશ્વવિહાર’માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

‘વિશ્વવિહાર’નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# અલવિદા કુમીબહેન !



બેલા ઠાકર

'હું ભરતનાટ્યમ્ તો શીખી, પણ કથક ન શીખી શકી તેનો વસવસો રહી ગયો.' થોડાં વર્ષ પહેલાં 'કદંબ'ના એક કાર્યક્રમ દરમિયાન મેં કુમીબહેનને કહ્યું. તેમણે જવાબમાં કહ્યું, ''કાલથી આવી જા 'કદંબ' પર. શીખવાની કોઈ ઉંમર નથી હોતી.'' આ જન્મમાં તો તેમની શિષ્યા ન બની શકી પણ આવતા જન્મમાં બની શકું તેવી દિલથી પ્રાર્થના કરું છું. લગભગ નેવુંએ પહોંચેલાં કુમુદિનીબહેન તો કથક શીખવવા માટે હંમેશાં તૈયાર હતાં, મારી જ હિંમત નહોતી ! કુમુદિની લાખિયા એ નામ 'કથક'નો પર્યાય બની ગયું છે. કોઈ પણ કલાપ્રેમી, નૃત્યપ્રેમી ભારતીય માટે આ નામ અજાણ્યું નથી. અમદાવાદમાં એલિસબ્રિજ વિસ્તારમાં આવેલ તેમની સંસ્થા 'કદંબ'માં દેશના જ નહીં, વિદેશના પણ અનેક કથકપ્રેમી શિષ્યો પ્રશિક્ષણ લઈ ચૂક્યા છે, જેમાંના ઘણાં શિષ્યો; જેવાં કે અદિતિ મંગલદાસ, દક્ષા શેઠ, પ્રશાંત શાહ, વૈશાલી ત્રિવેદી, ઈશિરા પરીખ, મૌલિક શાહ વગેરેએ પણ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી છે.

૧૨ એપ્રિલના રોજ સમાચાર આવ્યા કે કુમુદિનીબહેન આપણને છોડીને પરમ સમીપે ચાલ્યાં ગયાં છે ત્યારે મારા જેવા તેમના અનેકાનેક ચાહકોએ, શિષ્યોએ, કલાપ્રેમીઓએ આઘાત અનુભવ્યો. કુમુદિનીબહેનના નિધનની સાથે ગુજરાતમાં કથકનો એક યુગ સમાપ્ત થઈ ગયો.

શિષ્યવૃંદમાં કુમીબહેનના હુલામણા નામે ઓળખાતાં કુમુદિનીબહેનનો જન્મ ૧૭ મે, ૧૯૩૦ના રોજ મુંબઈના એક મહારાષ્ટ્રિયન પરિવારમાં થયો હતો. નાનપણથી જ સંગીત અને નૃત્યમાં અનહદ રસ. માતાપિતાએ તેમના રસને પોષ્યો. મુંબઈમાં તેમણે જયપુર ઘરાના અને લખનૌ ઘરાનાના મહાન ગુરુઓ પાસેથી કથકની તાલીમ લીધી અને કથક નૃત્યને જ પોતાની કારકિર્દીનું ક્ષેત્ર બનાવવાનું નક્કી કર્યું.

૧૯૬૧માં શ્રી રજનીકાન્ત લાખિયા સાથે તેમનાં લગ્ન થયાં. લગ્ન પછી તેઓ પતિગૃહે અમદાવાદ આવ્યાં અને અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી. તેમણે સોલો આર્ટિસ્ટ તરીકે દેશભરમાં કથકના ઘણા કાર્યક્રમો આપ્યા. ૧૯૬૭માં તેમણે અમદાવાદમાં 'કદંબ સ્કૂલ ઑફ ડાન્સ'ની સ્થાપના કરી. તે અગાઉ વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાં કથક નૃત્યની તાલીમ આપવામાં આવતી હતી, પણ ખાનગી સ્તરે કથકની શાસ્ત્રીય તાલીમ આપતી કોઈ સંસ્થા ગુજરાતમાં નહોતી. એ રીતે 'કદંબ' ગુજરાતમાં કથકનું પ્રશિક્ષણ આપતી પાયોનિયર સંસ્થા બની.

ધીરે ધીરે કુમુદિનીબહેને સોલો આર્ટિસ્ટ તરીકેની કારકિર્દી છોડી નૃત્ય પ્રશિક્ષણ અને કૉરિયૉગ્રાફી પર પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમની આગવી નૃત્યશૈલીને કારણે 'કદંબ'માં શિષ્યોનો જમાવડો થતો ગયો. કુમુદિનીબહેને શંભુ મહારાજ પાસેથી તાલીમ લીધી હતી અને બિરજુ મહારાજ સાથે કાર્યક્રમો કર્યા હતા, પણ તેમણે કથક કૉરિયૉગ્રાફીની પોતાની એક આગવી જ શૈલી વિકસાવી. તેમાં સાથ મળ્યો ગુજરાતના ખ્યાતનામ સંગીતકાર સ્વ. અતુલ દેસાઈનો. અતુલ દેસાઈ અને કુમીબહેને સાથે મળીને કથકના ક્ષેત્રે નિતનવીન પ્રયોગો અને ઉત્તમ સર્જનો કર્યાં. કુમુદિનીબહેને કથકને તેના

પરંપરાગત વિષયવસ્તુમાંથી બહાર કાઢી આધુનિક વિષયો સાથે તેને જોડ્યું. નવીન વિભાવના, નવીન કૉસ્ચ્યુમ્સ, નવું જ સંગીત, નવીન ટૅક્નિક વગેરેથી તેમણે કથકને એક નવીન ઊંચાઈએ પહોંચાડ્યું. તેમણે સૌપ્રથમ 'ધબકાર'ની પ્રસ્તુતિ કરી, જેને કલાવિવેચકોએ 'કથકના ઇતિહાસમાં આવેલ નવીન વળાંક' કહીને ખૂબ સરાહના કરી. તે પછી 'હોરી', 'સરગમ', 'શક્તિ', 'પ્રારંભ', 'દશાવતાર', 'ઋતુસંહાર' જેવાં અનેક નૃત્યોની સુંદર કૉરિયૉગ્રાફી કરી. ભારતની આઝાદીનાં પચાસ વર્ષ નિમિત્તે ૧૯૯૭-૯૮માં તેમણે 'ડ્રમ્સ ઑફ ફ્રીડમ' નામના નૃત્યની કૉરિયૉગ્રાફી કરી હતી, જેમાં આફ્રિકન ડ્રમ્સની સાથે કથકને પ્રયોજીને એક તદ્દન મૌલિક પ્રયોગ કર્યો હતો. ગાંધીજીને સત્યાગ્રહ કરવાની પ્રેરણા આફ્રિકામાં થઈ હતી એટલે આઝાદીની સુવર્ણજયંતીની ઉજવણીવેળાએ તેમણે આફ્રિકાનું જોડાણ ભારતીય નૃત્ય સાથે કર્યું. આ હતાં કલાકાર કુમીબહેન !



કુમુદુની લાખિયા

કુમુદિનીબહેને 'કદંબ'ના નૃત્યકારો સાથે અમેરિકા, ઇંગ્લૅન્ડ, રશિયા, સ્વીડન, જર્મની, ઇન્ડોનેશિયા, થાઇલૅન્ડ, ચીન, દક્ષિણ કોરિયા, પાકિસ્તાન - કંઈ કેટલાયે દેશોમાં નૃત્યના કાર્યક્રમો આપ્યા અને કથકને વિદેશોમાં પણ લોકપ્રિય બનાવ્યું. 'કદંબ'માં આજે અમેરિકા, બ્રિટન, જર્મની, સ્પેન, જાપાન જેવા અનેક દેશોમાંથી યુવક-યુવતીઓ કથક શીખવા આવે છે.

કથકના ક્ષેત્રે કરેલા અનુપમ પ્રદાન બદલ કુમીબહેનને અનેક માન-સન્માન, ઍવૉર્ડ પ્રાપ્ત થયાં જેની યાદી ઘણી લાંબી થાય એમ છે. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ઍવૉર્ડ, રાષ્ટ્રીય સંગીત નાટક અકાદમી ઍવૉર્ડ, પંડિત ઓમકારનાથ ઠાકુર ઍવૉર્ડ, 'પદ્મશ્રી' (૧૯૮૭), 'પદ્મભૂષણ' (૨૦૧૦), ગુરુ ગોપીનાથ દેસ્ય નાટ્ય પુરસ્કારમ્ (૨૦૨૧) વગેરે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ૨૦૨૨માં તેમને કલાક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરવા બદલ 'ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' અર્પણ થયો હતો. તેમને ૨૦૨૫માં 'પદ્મવિભૂષણ'થી સન્માનિત કરવાની જાહેરાત થઈ. ૨૮ એપ્રિલે, નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિના હસ્તે તેમને આ ઍવૉર્ડ અર્પણ થશે, પણ તે સ્વીકારવા તેઓ હવે ઉપસ્થિત નથી તેનો ખેદ છે.

કુમુદિનીબહેન માનતાં હતાં કે નૃત્ય શીખવા ઇચ્છતી પ્રત્યેક વ્યક્તિ તેની ગંભીરતા સમજે, પછી જ નૃત્યની તાલીમ લેવાનું શરૂ કરે. સાચી લગન અને નિષ્ઠા વગર શાસ્ત્રીય નૃત્ય શીખવાનો કશો અર્થ નથી. તેઓ ઇચ્છતાં હતાં કે શાળાઓના અભ્યાસક્રમમાં 'ઍસ્થેટિક્સ'ને એક વિષય તરીકે દાખલ કરવામાં આવે જેથી વધુ ને વધુ વિદ્યાર્થીઓ કલામાં રુચિ લેતા થાય. આ માટે તેમણે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ સમક્ષ રજૂઆત પણ કરી હતી.

કુમીબહેન કથકના ભાવિ અંગે ઘણાં આશાવાદી હતાં અને કહેતાં કે આ નૃત્યમાં વિકાસ પામવાની અમાપ સંભાવના રહેલી છે અને ભવિષ્યમાં અનેક નવા કલાકારો દ્વારા તેમાં ખેડાણ થતું રહેશે, નિતનવીન પ્રયોગો અને સર્જનો થતાં રહેશે. કુમીબહેનની આ આશા ફળીભૂત હો !

# ઉપગ્રહ પ્રક્ષેપણમથકના સ્થળની પસંદગી



ચિંતન ભટ્ટ

૨૦૨૫ના વર્ષની શરૂઆતના એક સમાચાર મુજબ ત્રીજા ઉપગ્રહ પ્રક્ષેપણમથક (Launch Pad) બાંધવાની મંજૂરી ઈસરોને મળી ગઈ છે. લગભગ ૪૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાર વર્ષમાં આ પ્રક્ષેપણમથક તૈયાર થઈ જવું અપેક્ષિત છે. આપણને ખ્યાલ છે કે પ્રક્ષેપણમથક પરથી પ્રક્ષેપણયાનની મદદથી ઉપગ્રહને પ્રક્ષેપિત કરવામાં આવે છે. ઉપગ્રહના દળ મુજબ તેને લઈ જવાની ક્ષમતા પ્રક્ષેપણયાનની હોવી જોઈએ અને તે મુજબનું પ્રક્ષેપણમથકનું સામર્થ્ય હોવું જોઈએ. સમાનવ અંતરિક્ષયાન, ચાંદ પર માનવ-ઉતરાણ, અંતરિક્ષમથક જેવા મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પો પર ઈસરો કામ કરી રહ્યું છે. આ માટેના ઉપગ્રહોનું (યાનો) દળ વર્તમાન ઉપગ્રહોના દળ કરતાં ત્રણેક ગણું વધારે હોય છે. તેને લઈ જતા પ્રક્ષેપણયાનની ઊંચાઈ બમણાથી પણ વધારે હોય છે. આ માટે આગામી પેઢીનું પ્રક્ષેપણયાન (Next Generation Launch Vehicle - NGLV) ઈસરો વિકસાવી રહ્યું છે. નવા પ્રક્ષેપણયાનની ઊંચાઈ લગભગ ૯૦ મીટર અંદાજવામાં આવી છે. ઉડ્ડયન વખતે તેની ક્ષમતા લગભગ ૧૦૦૦ ટન દળ લઈ જવાની હશે. વર્તમાન પ્રક્ષેપણમથકોનું ગજું ભાવિ પેઢીના પ્રક્ષેપણયાન ઉડાડવાનું નથી. અત્યારના પ્રક્ષેપણ મથકની ઈંધણ (propellant) ભરવાની તેમજ અન્ય સુવિધાઓની સંરચના NGLV માટે પર્યાપ્ત નથી. પ્રક્ષેપણયાનના જુદા જુદા ભાગોને સંકલિત (assemble) કરીને સુવાંગ પ્રક્ષેપણયાનની રચના પ્રક્ષેપણમથક પર જ કરવામાં આવે છે. અત્યાર સુધી આ સંકલન ઊર્ધ્વ દિશામાં કરવામાં આવે છે. NGLVની ઊંચાઈને લીધે યાનનું ઊભું સંકલન કરવું કાઠું પડે માટે તેનું સંકલન આડું - જમીનને સમાંતર કરવામાં આવશે અને પ્રક્ષેપણ ટાવર પાસે પહોંચાડ્યા પછી તેને ઊભું કરવામાં આવશે.

હવે જ્યારે નવું પ્રક્ષેપણમથક બાંધવાની જરૂર ઊભી થઈ છે ત્યારે આપણને પ્રશ્ન થાય કે નવું મથક પણ શ્રીહરિકોટામાં જ કેમ ? કેરળ, ગુજરાત, રાજસ્થાન, બિહાર જેવાં અન્ય કોઈ રાજ્યમાં કેમ નહીં ? આ પ્રકારના પ્રશ્નોનું સમાધાન મેળવવા માટે પ્રક્ષેપણમથક માટે સ્થળ પસંદ કરવા માટેના કેટલાક સર્વસામાન્ય માપદંડો પર નજર નાખીએ. અલબત્ત, અપવાદરૂપ કિસ્સામાં તેને નજરઅંદાજ પણ કરવામાં આવ્યા છે. પૃથ્વીની ધરી ભ્રમણની ગતિનો લાભ લેવા માટે યાનના પ્રક્ષેપણની દિશા પૂર્વ તરફ રાખવામાં આવે છે. તેનાથી યાનને વધુ વેગ મળે છે. માની લો કે પ્રક્ષેપણ વખતે કંઈ અજુગતું બને તો માનવવસ્તીને નુકસાન ન થાય તેની તકેદારી રાખવામાં આવે છે. આ ઉપરાંત હવામાનની પરિસ્થિતિ અને માળખાગત સુવિધાઓ પણ સફળ અને સલામત ઉપગ્રહ પ્રક્ષેપણ માટે મહત્ત્વપૂર્ણ છે. આપણો દેશ, ભારતના સંદર્ભે આ અંગે વાત કરીએ.



દેશની ભૌગોલિક સ્થિતિનો લાભ લેવા માટે દેશના પૂર્વ કિનારે પ્રક્ષેપણમથક હોવું જોઈએ. આ વાત એક નાનકડા ઉદાહરણથી વધુ સ્પષ્ટ કરીએ. ક્રિકેટર બૉલને વધુ ગતિ આપવા માટે બૉલ ફેંકતાં પહેલાં થોડું દોડે છે અને તેની દોડની ગતિની દિશામાં જ બૉલ ફેંકે છે જેથી બૉલ વધુ ગતિશીલ બને. પૃથ્વીનું ધરીભ્રમણ પશ્ચિમથી પૂર્વ તરફનું છે માટે જ અરુણાચલ પ્રદેશમાં વહેલો સૂર્યોદય થાય છે. એક અપવાદ ઇઝરાયલને બાદ કરતાં દુનિયાના બધા જ દેશો પૂર્વ તરફ યાનનું પ્રક્ષેપણ કરે છે. તેનાથી પ્રક્ષેપણયાનનો વેગ વધે છે અને નિર્ધારિત કક્ષા સુધી પહોંચવા માટે ઓછું ઈંધણ વપરાય છે. આ માટે આપણા દેશનો પૂર્વીય કિનારો યોગ્ય છે. ઉપગ્રહ પ્રક્ષેપણ માટે આપણા દેશને બીજો એક ભૌગોલિક ફાયદો છે. આપણે જાણીએ છીએ કે પૃથ્વીનો ધરીભ્રમણ વેગ વિષુવવૃત્ત પર સૌથી વધારે એટલે કે પ્રતિકલાક ૧૬૭૦ કિમીનો હોય છે. વિષુવવૃત્તથી જેમ જેમ ઉત્તર કે દક્ષિણ ધ્રુવ તરફ જતાં જઈએ તેમ તેમ આ વેગ ઘટતો જાય છે. આપણો દેશ વિષુવવૃત્તની નજીક હોવાથી દેશના દક્ષિણમાં સ્થિત પ્રક્ષેપણમથક યાનની ગતિ વધારવામાં મદદ કરે છે. યાનના પ્રક્ષેપણનો બીજો અને ખૂબ જ અગત્યનો માપદંડ છે સલામતીનો. સલામતીની દૃષ્ટિએ પ્રક્ષેપણમથક માનવવસ્તીથી દૂર હોવું જોઈએ જે શક્ય બને સમુદ્રમાં અથવા તો રણપ્રદેશમાં. આપણા દેશમાં રાજસ્થાનમાં રણ છે અને કેટલાંક રાજ્યોને વિશાળ દરિયાકિનારો પણ છે. રાજસ્થાનનું રણ વિષુવવૃત્તથી દૂર છે જ્યારે દક્ષિણ ભારતનો દરિયાકિનારો વિષુવવૃત્તની નજીક છે. આમ પ્રક્ષેપણમથકના સ્થળની પસંદગી માટે 'એક ઉપર એક ફ્રી' જેવો લાભ લેવો હોય તો દક્ષિણ ભારતના પૂર્વ દરિયાકિનારા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. વધુ સલામતી માટે યાનના પ્રક્ષેપણ વખતે પ્રક્ષેપણમથકની નજીકના દરિયાના કેટલાક વિસ્તારમાં દરિયાઈ વાહનો માટે સંચારબંધી કરવામાં આવે છે. એ સમયે ત્યાંનું આકાશ પણ 'નો ફ્લાય ઝોન' તરીકે જાહેર કરવામાં આવે છે. પ્રક્ષેપણનો સમય અને પ્રક્ષેપણપથ વધુ અસરકારક રીતે નક્કી

કરવા માટે તે સમયે પવનની ગતિનું અનુમાન કરવું જોઈએ. આ માટે પ્રક્ષેપણમથકના સ્થળના મોસમ અંગે અનુમાન થઈ શકે તેવું હોવું જોઈએ.

આ નૈસર્ગિક પરિબળો ઉપરાંત કેટલાંક અન્ય પરિબળોને ધ્યાનમાં લેવાથી પ્રક્ષેપણ-મથકનું સ્થળ યોગ્ય લાગે છે. આપણે અગાઉ જોઈ ગયા કે પ્રક્ષેપણમથક પર યાનના પ્રક્ષેપણ ઉપરાંત યાનના સંકલનની, તેમાં ઈંધણ ભરવાની અને કેટલીક પ્રણાલીઓના પરીક્ષણની પ્રવૃત્તિ પણ કરવામાં આવે છે. આ માટે પ્રક્ષેપણમથક પર મજબૂત ભૂ-માળખાની જરૂર પડે છે. ત્યાં સુદૃઢ સંચારપ્રણાલી પણ આવશ્યક છે. આ બધી જ સુવિધાઓ પ્રક્ષેપણયાન સાથે સુસંગત હોવી જોઈએ. અત્યારનાં આપણાં પ્રવર્તમાન પ્રક્ષેપણમથકો NGLVના પ્રક્ષેપણને માટે સુસંગત નથી. તેથી જ તો નવું પ્રક્ષેપણમથક (Launch Pad) બાંધવાની જરૂર ઊભી થઈ. ઉપગ્રહ અને યાનના અન્ય ભાગો તૈયાર કરતાં કેન્દ્રોથી નજીક પ્રક્ષેપણમથકનું સ્થાન હોય તો યાતાયાતનો ખર્ચ ઓછો આવે. આંધ્રપ્રદેશમાં આવેલું ઈસરોનું પ્રક્ષેપણમથક બૅંગાલુરુ અને તિરુવનંતપુરમ્‌ની નજીક છે. આ બંને જગ્યાએ ઉપગ્રહના ઘટકોનું સંકલન કરવામાં આવે છે, યાનનાં એન્જિન તૈયાર કરવામાં આવે તેમજ યાનના અન્ય ઘટકો તૈયાર કરવામાં આવે છે. આમ ઈસરોનું પ્રક્ષેપણમથક આર્થિક પરિબળોનું સુપેરે ધ્યાન રાખે છે. હા, પ્રક્ષેપણમથકની ડિઝાઇનને મૂર્તિમંત કરતી વખતે તેમ જ તેના સંચાલન વખતે પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન થાય તે મુજબનું તેનું સ્થાન હોવું જોઈએ.

ઈસરો જ્યારે પા પા પગલી ભરતું હતું ત્યારે કેટલાક ચુનંદા વિજ્ઞાનીઓએ પ્રસ્તાવિક પ્રક્ષેપણમથક અંગે અભ્યાસ કરી તેનું સ્થાન સૂચિત કર્યું જ્યાં આજે પ્રક્ષેપણમથક અસ્તિત્વ ધરાવે છે. આ સર્વેક્ષણમાં અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવનાર અને PRL તથા SAC(ISRO) ખાતે લગભગ અઢી દાયકાઓ સુધી સેવા આપનાર શતાયુ પ્રોફેસર ઇ. વી. ચિટનીસનો સિંહફાળો રહ્યો છે.

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

મે મહિનામાં ૪ મે ‘મોટો ભાઈ અને નાનો ભાઈ’ અને ૧૮ મે ‘ધૂળો અને તેના બાર સાથી’ વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૧૧ મે ‘શિયાળની ચતુરાઈ’ અને ૨૫ મે ‘દુર્બુદ્ધિ દે ડુબાડી’ વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# મારું જીવન અંજલિ થાજો !



કુમારપાળ દેસાઈ

ઘણાં વર્ષો સુધી શ્રી પ્રવીણભાઈ લહેરી સાથેનો પરિચય પરોક્ષ રૂપે થતો રહ્યો. મારા માસિયાઈ ભાઈ રસિકભાઈ દોશીના એ પરમ મિત્ર. પ્રવીણભાઈ મુંબઈ જાય, ત્યારે રસિકભાઈને ત્યાં ઊતરે અને રસિકભાઈ અહીંયાં આવે, ત્યારે શ્રી પ્રવીણભાઈ લહેરીને અચૂક મળવા જાય. સાથે મધુર ભોજનસમારંભ અને દીર્ઘ વાર્તાલાપ તો ખરો જ. પ્રવીણભાઈ અને એથીય વિશેષ એમના પિતા કનુભાઈ લહેરી વિશે રસિકભાઈ ઘણી વાતો કરે અને આમ ઘણાં વર્ષો સુધી પ્રવીણભાઈનો પરોક્ષ પરિચય થતો રહ્યો. રસિકભાઈ મોટા ભાઈ અને કુટુંબના માર્ગદર્શક હોવાથી એમને હું આદર આપતો એટલે પ્રવીણભાઈ પ્રત્યે પણ આવો આદરભાવ આપોઆપ હૃદયમાં અનુભવતો રહ્યો. એ પછી થોડાં વર્ષો બાદ પ્રવીણભાઈને અવારનવાર મળવાનું બન્યું અને આજે તો એમની અનેકવિધ પ્રવૃત્તિઓને કારણે એમની સાથે મારો થોડો અનુબંધ પણ રચાયો છે.

પ્રવીણભાઈની ઉપસ્થિતિ એટલે એક ઊર્જાયુક્ત, સકારાત્મક જીવંત વાતાવરણનો અનુભવ. કેટલીક વ્યક્તિઓ પોતાની સાથે આગવી આબોહવા લઈને ચાલતી હોય છે અને પછી એમની આસપાસના વાતાવરણમાં એ આબોહવાનું માધુર્ય છલકાતું રહે છે. મને પ્રવીણભાઈના ૮૦ વર્ષના આયુમાં સૌથી પ્રભાવક તત્ત્વ તરીકે એમના સ્વાતંત્ર્યસેનાની પિતા શ્રી કનુભાઈ લહેરીનો પ્રભાવ જોવા મળે છે. એમના જીવનના પ્રારંભથી જ એમના વ્યક્તિત્વ અને વિચારઘડતરમાં પિતા પાસેથી ગાંધીવિચારધારાનો પ્રભાવ મળ્યો. શ્રી કનુભાઈ લહેરીએ ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. વળી તેઓ ભાવનગર પ્રજાપરિષદ અને અન્ય ગાંધીપ્રેરિત કાર્યોમાં સતત સક્રિય હતા. શ્રી કનુભાઈ લહેરીને પુસ્તકો પ્રત્યે પ્રેમ. એ પણ પ્રવીણભાઈને વારસામાં મળ્યો છે. આ બધાથી વિશેષ એમના પિતાએ પુત્રને એક ધ્યેય આપ્યું અને પ્રારંભકાળના અનેક અવરોધો પાર કરીને પ્રવીણભાઈએ પિતાની ઇચ્છા મુજબ ઇન્ડિયન ઍડ્મિનિસ્ટ્રેટિવ સર્વિસ માટે વિદ્યાપુરુષાર્થ કર્યો.

સૌરાષ્ટ્રના રાજુલા ગામમાં આને માટે કોઈ ખાસ વ્યવસ્થા નહીં. એ સમયે વીજળી પણ નહીં. વળી આ પરીક્ષા માટે સંસ્કૃત, ગણિત કે સમાજશાસ્ત્ર જેવા વિષયોની સજ્જતા કેળવી આપે તેવા શિક્ષકો નહીં, પણ આવી કોઈ મુશ્કેલીઓથી પ્રવીણભાઈ અટક્યા નહીં, કારણ કે પિતાની ઇચ્છા એ જ એમના જીવનનું લક્ષ્ય હતું. પારાવાર અવરોધો ઓળંગીને પિતાની ભાવનાને પોતે સિદ્ધ કરી શક્યા, એનો આનંદ આજેય એમના વક્તવ્યમાં છલકાતો હોય છે.

પાર્કિન્સનની વ્યાધિને કારણે એમના પિતા શ્રી કનુભાઈ લહેરીની ગાંધીવિચારધારા વિશે ગ્રંથ લખવાની ઇચ્છા સાકાર થઈ નહીં. આથી જ જાણે પિતાને અંજલિ આપતા હોય તે ભાવનાથી એમણે 'હિંદ સ્વરાજના શિલ્પી ગાંધીજી' એવું પુસ્તક લખ્યું.

વળી દેશ અને દુનિયાનાં કેટલાંય શહેરોની સફર ખેડનારા પ્રવીણભાઈની વાતમાં પોતાના વતન રાજુલા આવતાં એક જુદો જ રુઆબ જોવા મળે. આથી એમણે પોતાના ગામ રાજુલા વિશે ૨૦૧૪માં 'રંગેચંગે રાજુલા' નામનું પુસ્તક લખ્યું. એમાં દૂરદરાજના રાજુલા ગામમાં વિતાવેલા બાળપણના એમના પ્રસંગો આલેખ્યા છે. આજેય આ ગામની મુલાકાતે આવેલી કે આ ગામમાં રહેલી કેટલીય વ્યક્તિઓ માટે આ પુસ્તક સ્મૃતિજાગરણ કરનારું બન્યું છે. આવા વતનપ્રેમીઓ જ્યારે ફોન કે પત્રથી વતન પ્રત્યે ઉમળકો વ્યક્ત કરતા, ત્યારે પ્રવીણભાઈને એમ લાગે કે જાણે એમનું આખુંય આયખું ધન્ય ધન્ય થઈ ગયું. આ છે એમનો રાજુલાપ્રેમ ! 'રંગેચંગે રાજુલા' પુસ્તકનું પ્રકાશન એમના પિતા કનુભાઈ લહેરીની જન્મશતાબ્દી નિમિત્તે કર્યું હતું. આજે પણ એમના હૃદયમાં રાજુલામાં વિતાવેલા બાળપણનું આકર્ષણ અકબંધ છે.

સેન્ટ ઝેવિયર્સ કૉલેજ અને ગવર્નમેન્ટ લૉ-કૉલેજમાંથી ડિગ્રી હાંસલ કરીને તેઓ ૧૯૬૭માં ભારતીય રેલવે સેવામાં જોડાયા અને ત્યારબાદ ૧૯૬૯માં ભારતીય પ્રશાસનમાં જોડાયા. અહીં એમણે ચાળીસ વર્ષ સુધી જુદાં જુદાં વિભાગોમાં અને સ્થાનો પર વહીવટી સેવાઓ આપી. ઉદ્યોગ, શિક્ષણ, ગ્રામીણ વિકાસ, સમાજકલ્યાણ, માહિતી અને પ્રવાસન જેવા વિભાગોમાં કાર્ય કરીને તેઓ ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ બન્યા. એમની કાર્યકુશળતા એવી કે જે કોઈ સંસ્થા એ સંભાળે, એમાં સક્રિયતાનો સંચાર કરે, એ સંસ્થાના સર્વતોમુખી વિકાસ માટે અવિરત પ્રયત્ન કરે અને જુદા જુદા પ્રકલ્પો દ્વારા એને વિશેષ વ્યાપક બનાવે.

દિલ્હીની નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફૅશન ટૅક્નૉલૉજીની સંસ્થા અન્ય સંસ્થાઓ જેવી જ એક સંસ્થા હતી, પરંતુ એના અભ્યાસક્રમો નક્કી કરીને અને એનો વિકાસ સાધીને આજે એમણે એ સંસ્થાને રાષ્ટ્રીય સ્તરે આગવું મહત્ત્વ અપાવ્યું છે. સંસ્થાનાં કાર્યોમાં સંજીવની ફૂંકવાની એમનામાં વિશિષ્ટ શક્તિ અને દૃષ્ટિ છે. એમણે જે જે સંસ્થાઓમાં કાર્ય કર્યું, એમાં એમની એ શક્તિનું પ્રાગટ્ય જોવા મળે છે.

ગુજરાતના પાંચ પાંચ મુખ્યમંત્રીઓના મુખ્ય સચિવ તરીકે કરેલી કામગીરી અંગે સહુ કોઈ એમની સમક્ષ પોતાની જિજ્ઞાસા પ્રગટ કરતા હોય છે. કયા મુખ્યમંત્રી કેવા હતા, એની સહુ કોઈ પૃચ્છા કરે, ત્યારે પ્રવીણભાઈ લહેરીની વિશેષતા એ છે કે એમના ઉત્તરમાં ક્યાંય કોઈ રાગ-દ્વેષ દેખાય નહીં. બલ્કે જે કોઈની વાત કરતા હોય તેની વિશેષતા જ વ્યક્ત કરે. કોઈનીય પાસેથી એકાદ અનુભવબિંદુ મળ્યું હોય તો એને આદરપૂર્વક રજૂ કરે. જેમ કે, ગુજરાતના પૂર્વમુખ્યમંત્રી કેશુભાઈ પટેલના નર્મદા યોજના સરદાર સરોવર અંગેના એમના અભિગમની વાત કરતાં તેઓ કહે કે, 'કેશુભાઈ કહેતા કે આપણો હાથ મોટા પથ્થરની નીચે હોય અને જો એને વધારે ખેંચીએ તો હાથને ઈજા થાય એટલે ધીરે ધીરે પથ્થરને હટાવવો.'

એ વખતે નર્મદા યોજના વિશે સતત આંદોલનો અને મુકદ્દમાઓ ચાલતા હતા. એની વચ્ચે પ્રવીણભાઈએ આ પ્રશ્ન ઉકેલવાનો પોતાની સૂઝ અને સંપર્કથી પ્રયત્ન કર્યો. આ અંગે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલતો હતો, ત્યારે એમને ઘણા લાંબા સમય સુધી દિલ્હીમાં રહેવું પડ્યું. દેશના દિગ્ગજ વકીલો સાથે એમણે આ માટે કામ કર્યું અને એની સાથોસાથ નર્મદા યોજના અંગે બીજાં ચાર રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે સમન્વય સાધવાનો હતો



**શ્રી પ્રવીણ ક. લહેરીલિખિત પુસ્તકોનું વિમોચન**

અને દરેક રાજ્યના મુખ્યમંત્રીની માગના સંદર્ભમાં ગુજરાતના હિતને જાળવીને ઉકેલ લાવવાનો હતો. દિલ્હીમાં ભારત સરકાર સાથે આ અંગે મંત્રણા પણ કરવાની હતી. સરકારે પણ એ સમયે એમને મુખ્ય સચિવ ઉપરાંત સરદાર સરોવર નિગમ યોજનાની જવાબદારી આપી હતી અને એ જવાબદારીને એમણે એમની કાર્યસિદ્ધિમાં પરિવર્તિત કરી હતી.

એમણે આઈ.એ.એસ. થયા પછી સચિવાલયોમાં જુદા જુદા હોદ્દાઓ પર અને જુદાં જુદાં સ્થળોએ કામ કર્યું, પરંતુ એમના કામમાં એમની દૃષ્ટિ સત્તાનો યોગ્ય ઉપયોગ કરી પ્રજાહિત સાધવાની રહી. એમનું લક્ષ્ય 'બહુજન હિતાય અને બહુજન સુખાય' હતું અને એથી જ કુટિરઉદ્યોગ, રૂરલ ડેવલપમેન્ટ કે ઉદ્યોગવિભાગમાં કાર્ય કરવામાં એમને સવિશેષ આનંદ આવ્યો, કારણ કે એમાં તેઓ લોકોને તાલીમ અને રોજગારમાં મદદરૂપ થતા હતા. આ રીતે એમના વહીવટમાં કે આયોજનમાં થોડીક વ્યક્તિઓ ધનિક બને એવું નહીં, પણ વ્યાપક સમાજના લોકો સમૃદ્ધ બને એ દૃષ્ટિકોણ જોવા મળતો.

વિશેષ તો વહીવટી અધિકારી તરીકે એમની કાર્યકુશળતામાં ગુજરાતની સહિષ્ણુતા પ્રગટ થતી. કોઈ વ્યક્તિ આવીને લાંબા સમય સુધી પોતાના પ્રશ્નની એમની સાથે વાત કરે, તો તેઓ શાંતિ અને સ્વસ્થતાથી એને સાંભળે. એનો હૈયાઉકળાટ ઠાલવતો હોય, તોય સહેજે અટકાવે નહીં. એ પછી એનો પ્રશ્ન એ જાણે એમનો પોતાનો પ્રશ્ન હોય તેવો પોતીકાપણાનો ભાવ સામી વ્યક્તિમાં જગાડે. ક્યારેય કોઈ મુદ્દા પર મિજાજ ગુમાવે નહીં. ઉચ્ચ અધિકાર ધરાવતો સરકારી અધિકારી હોય કે પછી દૂરના કોઈ ગામડામાંથી ફરિયાદ લઈને આવેલો સામાન્ય માણસ હોય, એ બધાને સમાન નજરે જુએ. એક અર્થમાં એમની કાર્યપદ્ધતિમાં જૈનદર્શનનો અનેકાંતવાદ જોવા મળે. સામેની વ્યક્તિના દૃષ્ટિબિંદુમાં રહેલી સચ્ચાઈને પારખે અને પછી એનું સમાધાન કરી આપે.

કોઈ સામાન્ય શોષિતપીડિત માણસનો પ્રશ્ન હોય કે રાજ્યનો કપરો પ્રશ્ન હોય, પણ એ પ્રત્યેક સમયે એમણે એમના સમન્વયવાદી દૃષ્ટિકોણથી એનો ઉકેલ શોધ્યો છે.

જાહેર વહીવટમાં એકવાક્યતા લાવવી જોઈએ, એ અંગે પ્રવીણભાઈ જાપાનને યાદ કરતા હોય છે. એમાં એક મિનિસ્ટર કે સેક્રેટરી ઊભા હોય તોપણ તમને ખ્યાલ ન આવે કે આમાં મિનિસ્ટર કોણ છે અને સેક્રેટરી કોણ છે ? જ્યારે ભારતમાં પોશાક, આચરણ અને અભિગમ એ બધાથી તરત દેખાઈ આવે કે આ મિનિસ્ટર છે અને આ સેક્રેટરી છે. આવો ભેદ એમને સહેજે પસંદ નહીં.

નિવૃત્તિ બાદ ૨૦૦૫થી ૨૦૦૮ દરમિયાન સરદાર સરોવર નર્મદા નિગમના ચૅરમૅન અને મૅનેજિંગ ડિરેક્ટરનો મહત્ત્વનો હોદ્દો સંભાળ્યો, પરંતુ એ સમયે ૨૦૦૬થી એમણે શ્રી અજય ઉમટના સ્નેહાગ્રહથી લખવાનું શરૂ કર્યું અને એ રીતે એમની લેખનયાત્રા અવિરત ચાલતી રહી. મહાત્મા ગાંધી કે સરદાર વલ્લભભાઈ વિશે લખે કે પછી રાજુલા ગામ વિશે અથવા તો જસવંત મહેતા જેવા રાજકારણી વિશે લખે — બધે જ એમના લખાણમાં એકસૂત્રતા હોય. ક્યાંય એકે શબ્દ નકામો ન મળે. કોઈ સોની ઘાટ ઘડતો હોય એવું સુબદ્ધ લખાણ એમની પાસેથી મળે છે.

નિવૃત્તિ પછી થોડો સમય એમના સ્નેહીશ્રી યુ. એન. મહેતાને વચન આપ્યા પ્રમાણે ટોરન્ટ ગ્રૂપમાં સલાહકાર તરીકે કાર્ય કર્યું, પરંતુ એ સમયે પણ એ સઘળા કાર્યભાર વચ્ચે સેવા-પ્રવૃત્તિ કરવાની મોકળાશ એમણે માગી લીધી હતી. હોદ્દો, સત્તા કે સંપત્તિને બદલે સામાન્ય માનવીની સેવામાં એમને વિશેષ રસ પડતો હતો.

સરકાર હોય કે સંસ્થા હોય, બધે જ એમની કાર્યનિષ્ઠા નજરે પડે. ક્યારેય એમના ચહેરા પર કંટાળો કે થાક જોવા ન મળે અને વિશેષ તો સામેની વ્યક્તિને અળખામણો લાગે એવો વિચાર પ્રગટ કરતા હોય અથવા તો એનાથી તદ્દન ભિન્ન વિચાર પ્રગટ કરતા હોય, પણ એની રજૂઆત એવી રીતે કરે કે એમની વાત સહુ કોઈ સ્વીકારી લે.

વિશાળ અનુભવ, વ્યાપક વાંચન અને આગવી વક્તવ્ય છટાને કારણે પ્રવચન આપતી વખતે માત્ર એમની પાસે પેડના એક-બે કાગળ પર મુદ્દાઓ લખેલા હોય, પણ એની એવી ધારદાર રજૂઆત કરે કે શ્રોતાઓ એમના વિચારના રંગમાં રંગાતા જ રહે. ચાળીસ વર્ષની દીર્ઘકાલીન વહીવટી સેવાઓ દરમિયાન દુષ્કાળ હોય કે ધરતીકંપ હોય, ત્યારે તેઓ વહીવટી કુશળતા સાથે અવિરત કાર્ય કરતા હતા, એ જ રીતે નિવૃત્તિ પછી એમની સેવાપ્રવૃત્તિ એ જ પ્રકારે અવિરત ચાલી રહી છે.

સદ્‌વિચાર પરિવારમાં એમણે અનેક નવાં સેવાકાર્યો કર્યાં. શ્રી હરિભાઈ પંચાલની નિવૃત્તિ પછી એમણે મનોવિકલાંગો માટેની સંસ્થામાં કાર્ય શરૂ કર્યું. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ અને ડૉ. માનસેતા તથા બ્રિન્દાબહેન નાણાવટી દ્વારા ચાલતી ઉમંગ સંસ્થામાં એમણે કામ કર્યું. ગાંધીનગર પાસે વિકલાંગ વિદ્યાર્થિનીઓ માટેની શાળા ખોલી. સદ્‌વિચાર પરિવારમાં તબીબી સહાય જેવાં અનેક કાર્યો કર્યાં. ડૉ. પંકજ શાહ જેવી સેવાભાવી વ્યક્તિનો એમાં સાથ મળતાં એમનું સેવાનું ક્ષેત્ર વિસ્તર્યું. બીજી બાજુ સોમનાથ તીર્થની કામગીરી સંભાળી. પોતાના વતનની નજીક આવેલા તીર્થમાં સેવા કરવાનો લાભ મળ્યો એનાથી મનોમન આનંદ અનુભવ્યો. આ તીર્થમાં અનેક સુવિધાઓ ઊભી કરી. એની આવક વધી અને આ પ્રભાસપાટણ તીર્થ આજે સોમનાથ તીર્થ તરીકે વિશ્વપ્રસિદ્ધ બન્યું. આજે એક કરોડ કરતાં પણ વધુ યાત્રાળુઓ આવે છે અને સાથોસાથ સંસ્થાને આર્થિક રીતે પણ એમણે વધુ સધ્ધર બનાવી.

ભાગવત વિદ્યાપીઠને એમની કાર્યક્ષમતાનો લાભ મળ્યો અને પછી એમણે 'અખંડ આનંદ'ની પરામર્શક સમિતિમાં કાર્ય કર્યું અને આજે સસ્તું સાહિત્યવર્ધક સંસ્થાને વધુ ગતિશીલ કરવામાં એમણે પોતાના અનુભવોથી યોગદાન આપ્યું. ગુજરાત વિશ્વકોશ

ટ્રસ્ટમાં પણ તેઓ જોડાયા અને વિશ્વકોશ ટ્રસ્ટની વિદ્યાપ્રવૃત્તિને એમનું મોટું પીઠબળ મળ્યું. પ્રત્યેક મહિને વર્તમાન પ્રવાહો વિશેનો વિશ્વકોશના મુખપત્ર 'વિશ્વવિહાર'માં પ્રગટ થતો એમનો લેખ વાચકોને સમકાલીન પરિસ્થિતિ વિશે માહિતીપ્રદ અને સમીક્ષાલક્ષી ચિંતન આપે છે.

પ્રવીણભાઈએ જીવનભર પિતાની ભાવનાનો પ્રભાવ ઝીલ્યો અને એ દૃષ્ટિએ એમના પિતા કનુભાઈ લહેરી હંમેશાં કહેતા કે, 'સરદાર પટેલ અને રાજાજી તમામ પરિચિતોને એક વાત કહેતા કે બાળકોને સારી રીતે ભણાવો અને આઈ.એ.એસ. બનાવો.' એમના પિતાએ પ્રવીણભાઈ આઈ.એ.એસ. બને તે માટે આગ્રહ રાખ્યો હતો અને એ જ પિતાનું વચન પોતાના જીવનમાં પ્રકાશદાયી બન્યું એમ અન્યનાં જીવનમાં પણ પ્રકાશદાયી બને એ હેતુથી એમણે સ્પીપામાં ૨૭૦ જેટલાં યુવક-યુવતીઓને વિવિધ કક્ષાએ પસાર કરાવીને નિમણૂકો મેળવી આપી છે. વળી આ વર્ષે ગુજરાતમાં દોઢસો વિદ્યાર્થીઓએ યુપીએસસી પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને નવો વિક્રમ સર્જ્યો છે. પિતાનું વચન પુત્રને માટે જીવનભર પ્રેરક બની રહ્યું.

પ્રવીણભાઈનાં આ કાર્યો દરમિયાન એમનાં સહધર્મચારિણી નીલાબહેન તથા એમના પરિવારનો સાથ મળતો રહ્યો છે. પિતા પ્રત્યેનો આદર, ગાંધીવિચાર પ્રત્યેની ચાહના, ગુજરાતનું હિત જાળવવા માટેની તમન્ના, સત્યનિષ્ઠ કાર્યપદ્ધતિ અને યોગીઓને પણ દુર્લભ એવો સેવાધર્મ — એ સઘળાને કારણે આજે ગુજરાતના સંસ્કારજગતમાં શ્રી પ્રવીણભાઈ લહેરીના જીવનકાર્યને શ્રી કરસનદાસ માણેકના કાવ્યની પંક્તિઓથી મારી વાત પૂર્ણ કરવાનું ગમશે.

સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !
મારું જીવન અંજલિ થાજો.

---

**(૧૯મા પાનાનું ચાલુ)**

કહ્યું કે, 'આપણે મળીએ.' એ પુરુષે સારી ભાષામાં ના કહી દીધી. તેણે લખ્યું કે, 'તારી સાથેની યાદો મારામાં જીવંત છે. મારા મનમાં તારી જે મૂર્તિ છે એને મારે ખંડિત થવા દેવી નથી. હું પણ હવે પહેલાં જેવો રહ્યો નથી. સારી વાત એ છે કે, આપણે બંને સાથે વિતાવેલા સુંદર સમયને વાગોળતાં રહીએ.' જિંદગીમાં જે સંબંધ હોય એને જાળવો પણ જો એ સંબંધ છૂટી જાય તો એને છૂટો મૂકી દો. પકડી રાખીએ તો પીડા જ મળે. સંબંધોનું આયુષ્ય પૂરું થાય ત્યારે એના દિવસો પણ ખૂટી જતા હોય છે. એ સંબંધ પછી ફોનબુકમાં એક નંબર બનીને રહી જાય છે. ક્યારેક ફોનબુકના નંબરો પર નજર નાખી જોજો, આવા ઘણા મૃત સંબંધો જોવા મળશે જે ક્યારેક સજીવન હતા અને દરેક ક્ષણે ધબકતા હતા. માત્ર આપણે પ્રેમ કરીએ એ પૂરતું નથી, પ્રેમ બંને તરફે રહેવો અને ટકવો જોઈએ. છેલ્લે એક વાત, જે સંબંધ સજીવન છે એને જીવીએ અને જે સંબંધ ટક્યા નથી એની પાછળ જીવ ન બાળીએ !

**- કૃષ્ણકાંત ઉનડકટ**

# હશે, દરેકને પોતાની પ્રાથમિકતા હોય છે !



કૃષ્ણકાંત ઉનડકટ

સમય અને સંબંધમાં એક સામ્ય છે, બંને બદલાતા રહે છે ! જે એક સમયે સૌથી નજીક હોય,જેનું મોઢું જોયા વગર ચાલતું ન હોય, જેને 'ગૂડ નાઇટ' કહ્યા વગર ઊંઘ ન આવતી હોય અને જેને 'ગૂડ મૉર્નિંગ' કહ્યા વગર સવાર પડતી ન હોય, એ વ્યક્તિ ક્યારેક જોજનો દૂર થઈ જાય છે. બે મિત્રોની આ વાત છે. બંને જીવંત સંપર્કમાં હતા. ધીમે ધીમે સંપર્ક ઓછો થતો ગયો. એક વખત એક મિત્રએ કહ્યું, જેના વિશે રજેરજની માહિતી રહેતી હતી એના ખબર હવે તેને સોશિયલ મીડિયા પર અપલોડ કરેલા સ્ટેટ્સથી મળે છે ! એક સમય હતો, જ્યારે કંઈ પણ નવી વાત, ઘટના કે પ્રસંગ હોય, ત્યારે એ મને કહેતો અને હવે આખા જગતની સાથે મને જાણ થાય છે ! ક્યારેક કહેવાનું મન થઈ આવે છે કે, હવે તારા વિશેની ખબર મને સોશિયલ મીડિયા થકી પડશે ? આપણા સહુની સાથે એવું થતું હોય છે. ક્યારેક કોઈ અંગત વ્યક્તિની સારી વાત સોશિયલ મીડિયા પર વાંચીને ખુશીની સાથે દુઃખ પણ થાય છે. મને કહેવાની દરકાર પણ હવે એને રહી નથી ! પોસ્ટને લાઇક કરવી કે શું કૉમેન્ટ કરવી એ નક્કી ન થઈ શકે !

સોશિયલ મીડિયાની વૉલ પર જ્યારે અંગત વ્યક્તિની વાત જોઈએ, ત્યારે એ વૉલ જોઈને એવો વિચાર આવી જાય કે, આટલી મોટી દીવાલ અમારા વચ્ચે ઊભી થઈ ગઈ છે ! એક નિસાસા સાથે લાઇક કરીએ છીએ, ત્યારે આંખોના ખૂણામાં થોડો ભેજ બાઝી જતો હોય છે ! એક વેદનાની લહેર ઊઠતી હોય છે. કેટલીક વ્યથા આપણને છેડી અને છંછેડી જાય છે. વિચારોને ટાળવાનો પ્રયાસ કરીએ છીએ, પણ થતું નથી. સાવ આવું ? આવું થોડું હોય ? એવા સવાલ ઊઠે. ઘણા સવાલોના જવાબો મળતા નથી, ત્યારે આ સવાલો શૂળ બનીને ભોંકાતા હોય છે ! જિંદગી અને સુખની વાત જ્યારે પણ નીકળે ત્યારે એક વાત કહેવાતી હોય છે કે, જેના સંબંધો સજીવન હોય છે, એને જ સુખનો અહેસાસ થાય છે. સાધનો  અને સુવિધાઓ જરૂરી હોય છે પણ એ તમને આરામ આપે છે, આનંદ નહીં. ખુશીની અનુભૂતિ સંબંધો વગર શક્ય નથી. એ વાત સાચી કે, સૌથી વધુ સુખ સંબંધો જ આપે છે, પણ સાથોસાથ એ પણ હકીકત છે કે, સૌથી વધુ વેદના, પીડા અને દર્દ પણ સંબંધ જ આપે છે. જે વ્યક્તિ જેટલી નજીક એટલું વધુ પેઇન આપવાની એનામાં તાકાત હોય છે. અજાણ્યાથી આપણને કોઈ ફેર પડતો નથી. એક વ્યક્તિની આ વાત છે. તેના એક મિત્રએ તેને કહ્યું કે, 'પેલો ભાઈ તારા વિશે આવું બોલતો હતો.' તેણે કહ્યું, 'બોલવા દે ને, મને તેનાથી કોઈ ફેર પડતો નથી. જેનાથી ફેર પડે છે એ લોકો પણ જો મન ફાવે એમ બોલતા હોય, તો પછી જેનાથી ફેર ન પડતો હોય એનું શું માઠું લગાડવું ? દુશ્મન, હરીફ કે વિરોધી હોય તો લડી પણ લઈએ, પોતાના હોય એનું શું કરવું ?' મોબાઇલની ફોટો ગૅલરી ક્યારેક ખુશીનું કારણ બને છે, તો ક્યારેક એ પણ દુઃખી કરી જાય છે. એક

સમયે જ્યારે નજીક હોઈએ ત્યારે હાથમાં હાથ લઈને પડાવેલી તસવીર હાથ છૂટી જાય પછી અઘરી લાગે છે. હથેળીમાં પરસેવો વળી જાય છે. હાથની રેખાઓ સામે સવાલ થાય છે કે, આ રેખાઓમાં એની સાથેનો રસ્તો આટલો જ લખ્યો હતો ? કેટલીક તસવીરો નથી ડિલીટ કરી શકાતી કે નથી જોઈ શકાતી ! સોશિયલ મીડિયા પણ ઘણી વખત માંડ માંડ ભુલાયેલ અને ન યાદ અપાવવા જેવું યાદ અપાવી દે છે. સ્મૃતિ તાજી થઈને સામે આવે છે કે, તેં એક વર્ષ પહેલાં આમ કર્યું હતું, બે વર્ષ પહેલાં તેમ કર્યું હતું. ક્યારેક તો એ જોઈને એવો વિચાર આવી જાય છે કે, એમ ન કર્યું હોત, તો સારું હતું ! અનફ્રેન્ડ કરી દીધા પછી પણ ઘણા લોકો ક્યાં ભૂલી શકાતા હોય છે ?

એક છોકરાની આ વાત છે. તેને એક છોકરી સાથે પ્રેમ હતો. બંનેને સારું બનતું હતું. છોકરીએ ડીચ કર્યું. બીજા છોકરા સાથે ફરવા લાગી. છોકરાથી તેની સાથેનો સમય ભુલાતો નહોતો. છોકરાએ કહ્યું, 'એક સમયે ફોટાઓની આપ-લે થતી હતી, હવે તેનો ફોટો ખાલી પ્રોફાઇલ પિક્ચરમાં જોવા મળે છે ! દરેકેદરેક માણસે સંબંધનું નાનું કે મોટું પેઇન ભોગવ્યું જ હોય છે. પોતાના માન્યા હોય એ જ પારકાને સારા કહેવડાવે એવું કરતા હોય છે. આપણને એમ થાય કે, એને જૂનું કંઈ યાદ આવતું નહીં હોય ? માણસ આ હદ સુધી કેવી રીતે બદલાઈ શકે ? આંખની ઓળખાણ હોય તોપણ માણસ સંબંધ જાળવે છે અને આને તો કંઈ અસર જ નથી !

બે અત્યંત નિકટના મિત્રો હતા. એક મિત્ર થોડો મોટો માણસ થઈ ગયો. તેના નવા મિત્રો બની ગયા. એક વખત તેણે પાર્ટી યોજી હતી. ઘણા મિત્રોને બોલાવ્યા હતા. આવી કોઈ પાર્ટી હતી એ તેના મિત્રને સોશિયલ મીડિયાની પોસ્ટ જોઈને ખબર પડી. તેના મિત્રએ બીજા મિત્રને કહ્યું, 'હું તેને યાદ પણ આવતો નથી ?' બીજા મિત્રે કહ્યું, 'જવા દેને યાર, લોકોની પ્રાયૉરિટી બદલાતી હોય છે !' ઘણા તો આવી ઘટનાઓનો પણ ફાયદો ઉઠાવતા હોય છે ! ફોન કરીને પૂછે કે, 'તમે કેમ ન દેખાયા ?' મને નહોતો બોલાવ્યો કે મને તો ખબર જ નહોતી એ વાત કહેતી વખતે પણ વેદના થતી હોય છે ! એનું કારણ અંતે તો એ જ હોય છે કે આપણે ક્યારેક એ વ્યક્તિને પોતાની સમજી હોય છે ! કેટલાક ઘા ઝીરવવાના હોય છે. પ્રેમ કરવાની, લાગણી રાખવાની, સ્નેહ વરસાવવાની પણ ક્યારેક કિંમત ચૂકવવી પડતી હોય છે.

દરેક સંબંધ સજીવન રહેવા સર્જાયા હોતા નથી, કેટલાક સ્વાર્થ સાધવા પણ રચવામાં આવ્યા હોય છે. ઘણી વખત ટૂંકા કે લાંબા ગાળે એ વાત સમજાતી હોય છે કે, એ સંબંધમાં કંઈ સત્ત્વ બચ્યું જ નહોતું. જે હાથ છોડીને ચાલ્યા ગયા હોય તેની પાછળ બહુ અફસોસ કરવો પણ યોગ્ય નથી. હા, એની સાથે જેટલો સમય સારી રીતે જિવાયો હોય એને દિલના એક ખૂણામાં સંઘરી રાખવાનો. ક્યારેક કોઈ સારી યાદ તાજી થઈ જાય તો થોડુંક ખુશ થવાનું અને પછી ભૂલી જવાનું. બે પ્રેમીઓની આ સાવ સાચી વાત છે. બંનેને સારું બનતું હતું. લગ્ન થઈ શકે એમ નહોતાં. બંને હસી-ખુશીથી છૂટાં પડ્યાં. જુદાં પડી ગયા પછી બેમાંથી કોઈએ એકબીજાનો સંપર્ક કરવાનો પ્રયાસ ન કર્યો. વર્ષો બાદ યુવતીને તેના જૂના પ્રેમીનો નંબર મળ્યો. તેણે મૅસેજ કર્યો અને

**(અનુસંધાન ૧૭મા પાને)**

# ટ્રાફિકના ગુનાઓ અને ગ્રીટિંગ્ઝ કાર્ડ

હાસ્ય

રતિલાલ બોરીસાગર

કેટલાંક વરસ પહેલાં એક ટીવી ચૅનલ પર વિશિષ્ટ પ્રકારના સમાચાર પ્રસારિત થયેલા. એમાં જયપુર(રાજસ્થાન)ના ટ્રાફિક નિયંત્રણ અધિકારીઓએ ટ્રાફિકના નિયમોના પાલન અંગે લોકજાગૃતિ કેળવવા એક નવતર પ્રયોગ કર્યો હતો એની વિગત એ સમાચારમાં હતી. એક વર્ષ દરમિયાન જે નાગરિકોએ ટ્રાફિકના નિયમોનો યથાશક્તિ ભંગ કર્યો હોય તેમને જયપુરના ટ્રાફિક નિયંત્રણ અધિકારીઓએ નવા વરસના ગ્રીટિંગ્ઝ કાર્ડ મોકલ્યાં હતાં ને પછીના વર્ષમાં તેઓ દ્વારા ટ્રાફિક નિયમોનો ભંગ નહિ થાય એવી શુભેચ્છા પ્રગટ કરી હતી. ગ્રીટિંગ્ઝ કાર્ડનાં સરનામાં કરવામાં વ્યસ્ત એવા અધિકારીઓને ક્લોઝ અપમાં દર્શાવવામાં આવ્યા હતા. ટ્રાફિકનો ગુનો કરનાર માટે મૅમો લખવા ટેવાયેલા અધિકારીઓને શુભેચ્છા-કાર્ડ લખતા જોઈ હું એકદમ ભાવવિભોર બની ગયો હતો. મૅમો મેળવવા ટેવાયેલા વાહનચાલકો પણ મૅમોને બદલે શુભેચ્છા-કાર્ડ મેળવી ગદ્‌ગદિત થઈ ગયા હતા. આવા બેચાર ગદ્‌ગદિત નાગરિકોને ટીવી પર દર્શાવવામાં પણ આવ્યા હતા.

જયપુરના ટ્રાફિક ખાતાના આ નવતર પ્રયોગથી હું એકદમ પ્રભાવિત થઈ ગયો. અત્યાર સુધી હું એમ માનતો હતો કે નાગિરકો પાસે કાયદાનું પાલન કેવળ કાયદાના કડક અમલથી જ કરાવી શકાય. ઘર અને શાળામાં કાયદાપાલનની કેળવણીનું કામ અવશ્ય ચાલવું જોઈએ, પણ નાગિરકો કાયદાનું બરાબર પાલન કરે એ માટે તો ચુસ્ત વ્યવસ્થાતંત્ર જ અનિવાર્ય છે એવું હું સમજતો હતો.

અમદાવાદ શહેરમાં દરેક ટ્રાફિક પૉઇન્ટ પર એક કરતાં વધારે ટ્રાફિકપોલીસ ઊભા હોય છે. આવા પૉઇન્ટ પર લાલ લાઇટ હોય છે ત્યારે વાહનચાલકો વાહન થંભાવી દે છે. અલબત્ત, કેટલાક વાહનચાલકો એમની આગળના વાહનચાલકો ચાર રસ્તા પર અંતરિયાળ ઊંઘી ન જાય એવી શુભ ભાવનાથી સતત હૉર્ન માર્યા કરે છે. વાહનચાલકો લાલ લાઇટ જોઈને ઊભા રહે છે એવું કેટલાક ભોળા લોકો માને છે. મારા જેવા કેટલાક કાયદાનો ભંગ કરવાની શક્તિ અને હિંમતના અભાવે ખરેખર લાલ લાઇટને કારણે જ ઊભા રહેતા હશે. પણ મોટા ભાગના વાહનચાલકો લાલ લાઇટને કારણે નહિ, પણ ટ્રાફિકપોલીસની લાલ આંખ ન થાય તે ખાતર જ ઊભા રહે છે. એક વાર હું એક ચાર રસ્તા પર લાલ લાઇટ જોઈ મારું સ્કૂટર થંભાવીને ઊભો હતો (આમ તો જોકે સ્કૂટર પર બેઠો હતો એમ કહેવાય) એ વખતે પાછળના કારધારીએ બેચાર હૉર્ન માર્યાં. આ પછી કારની બારીમાંથી ડોકું કાઢી બૂમ મારી 'કાકા... એ કાકા....' મારી પોતાની પાસે ભલે કાર ન હોય, પણ મારો ભત્રીજો કારધારી હોય એય મારે માટે આનંદની વાત ગણાય. મેં પાછું ફરીને ભત્રીજા સામે જોયું. એણે કહ્યું, 'કાકા, સ્કૂટર ઉપાડો ને !' મેં લાલ લાઇટ તરફ આંગળી ચીંધી. એટલે ભત્રીજો બગડ્યો, 'લાલ લાઇટ તો મનેય દેખાય છે, પણ ટ્રાફિકવાળું કોઈ નથી એટલે તમતમારે હંકારો ને !' અને મેં સ્કૂટર

હંકાર્યું. ભત્રીજાએ પાછળ મોટર હંકારી અને એકાએક બે ટ્રાફિકપોલીસ પ્રગટ થયા અને કાકો-ભત્રીજો બંને દંડાયા.

પોલીસચોકીમાં પણ ગુનો કબૂલ કરાવવા માટે આરોપી સમક્ષ ગીતા કે ઉપનિષદના શ્લોકો બોલવામાં નહિ જ આવતા હોય એમ માનું છું. ચોરીના આરોપસર પકડાયેલા આરોપીને 'હે બંધુ ! આપ ચોરી કરવાના આરોપસર પકડાયા છો. પણ હે બંધુ ! ઈશોપનિષદમાં કહ્યું છે કે કોઈના ધનની અભિલાષા ન કર. આમ છતાં હે બંધુ, આપે એવી અભિલાષા કરી હોય તો એનો સ્વીકાર કરવો એ આપનો ધર્મ છે.' આવું કોઈ પોલીસઅધિકારી કહેતા નથી અને જેમાં કશું બનવું અસંભવિત નથી એવી આપણી હિંદી ફિલ્મોમાં પણ દર્શાવાતું નથી.

એક વાર એક પોલીસઈન્સ્પેક્ટરની મોટરસાઈકલ એમના ઘર પાસેથી જ કોઈ ઉપાડી ગયું. પોલીસઅધિકારીએ પોલીસસ્ટેશને ફોન કરીને કહ્યું કે કલાકમાં ચોર પકડાઈ જવો જોઈએ. કલાક પૂરો થાય તે પહેલાં ઈન્સ્પેક્ટરનો નાનો ભાઈ કોઈ કામસર મોટરસાઈકલ લઈ ગયો હશે તે પાછો આવી ગયો. ભાઈએ ભાભીને વાત કરી હતી, પણ ઈન્સ્પેક્ટરે પત્નીને પણ ખબર ન પડે એવી કાળજી લઈ પોલીસસ્ટેશને ફોન કર્યો હતો. મોટરસાઈકલ આવી ગઈ છે એવી ઈન્સ્પેક્ટરે પોલીસસ્ટેશને જાણ કરી. સામેથી હેડ કૉન્સ્ટેબલે કહ્યું, 'પણ સાહેબ, આપની મોટરસાઈકલ ચોરવાના આરોપસર અમે છ જણને પકડ્યા છે.'

'એમને છોડી મૂકો' પોલીસઈન્સ્પેક્ટરે કહ્યું.

'પણ સાહેબ, આ છમાંથી ત્રણ જણાએ તો ગુનો કબૂલી પણ લીધો છે ! એમનું શું કરવું ?' હેડ કૉન્સ્ટેબલે પોતાની મૂંઝવણ રજૂ કરી.

ઉપરના ટુચકામાં થોડી અતિશયોક્તિ હશે. પણ એકંદરે દુનિયાભરમાં કાયદાનું પાલન કાયદાના અમલીકરણ પર આધારિત હોય છે એવો સામાન્ય અનુભવ છે. આમ છતાં જયપુરના ટ્રાફિક ખાતા તરફથી જે નવતર પ્રયોગ થયો હતો તેનાથી હું જરૂર પ્રભાવિત થયો. ગુજરાતમાં પણ ટ્રાફિક ખાતાને આવો પ્રયોગ કરવાની પ્રેરણા થાય તો શુભેચ્છાના કાર્ડનું લખાણ કેવું હોવું જોઈએ એની સલાહ ટ્રાફિક ખાતાવાળાઓ મારી પાસે માગે તે સંભવિત નથી. આમ છતાં કોઈ સલાહ માગે તો જ સલાહ આપવી એવો દુરાગ્રહ મેં કદી રાખ્યો નથી. એટલે ગુજરાતીમાં આવાં કાર્ડનાં લખાણો કેવાં હોવાં જોઈએ એના કેટલાક નમૂના અત્રે આપું છું. કોઈ પણ પ્રકારનો પુરસ્કાર આપ્યા વગર ગુજરાતના ટ્રાફિક સત્તાવાળાઓ આ લખાણોનો ઉપયોગ કરી શકશે.

અલબત્ત, હું ટ્રાફિકના નિયમોનો ભંગ કરું ને પકડાઉં તો મને કોઈ પણ પ્રકારનો દંડ ન કરવો એવી મારી અપેક્ષા છે ખરી, પણ આ અપેક્ષા સંતોષાવાની શક્યતા નહિવત્ હોવાથી એ પણ જતી કરું છું. કાર્ડના મુસદ્દાઓ નીચે પ્રમાણે છે :

(૧)

પ્રિય ભાઈશ્રી,

નૂતન વર્ષાભિનંદન ! ગયા વર્ષે તમે લાલ લાઈટ હોવા છતાં સાઈકલ હંકારી જવાના ગુના સબબ પકડાયેલા. આમ તો સાઈકલવાળાઓ પ્રત્યે અમે દયાભાવ રાખીએ છીએ એટલે તમને કદાચ અમે જવા દીધા હોત; પરંતુ તમે પુરપાટ સાઈકલ હંકારી મૂકીને,

ચાર રસ્તા પર ટ્રાફિકનું નિયંત્રણ કરી રહેલા અમારા સાથી કર્મચારીને બેહાલ રીતે પછાડી દીધા હતા. એટલે તમારો ગુનો નોંધવાની અમને ફરજ પડી હતી. નવા વર્ષે તમે ટ્રાફિકના નિયમોનું અવશ્ય પાલન કરશો એવી અમારી હાર્દિક મનોકામના છે.

(૨)

માનનીય સુશ્રી...

ગયા વર્ષે ટ્રાફિકના નિયમના ભંગ બદલ અમે તમને રોકવાની કોશિશ કરી હતી. પણ તમે અમારા આગ્રહને માન ન આપ્યું ને તમારું કાઇનેટિક હંકારી મૂક્યું હતું. ફરજ પરના અમારા કર્મચારીએ આગલે દિવસે જ નવાં ચશ્માં કરાવ્યાં હતાં એટલે એ તમારા કાઇનેટિકનો નંબર બરાબર વાંચી શક્યા ને અમે તમારો ગુનો નોંધી તમને નોટિસ બજવી શક્યા. નોટિસમાં દર્શાવેલા સ્થળે નિયત સમયમર્યાદામાં હાજર થઈ તમે ગુનાની માંડવાળ માટે જરૂરી દંડ ભરી આપ્યો હતો. તમારે તે દિવસે એક લગ્નસમારંભમાં પહોંચવામાં મોડું થઈ રહ્યું હતું એટલે તમારાથી ટ્રાફિકના કાયદાનો ભંગ થયો હતો એવું તમે જણાવ્યું હતું. પણ અમારા એક મિત્ર એમ કહે છે કે જ્યાં લેડી (સ્ત્રી) હોય ત્યાં ડિલે (વિલંબ) હોય જ. તમે એકવીસમી સદીની લેડીઝો આ છાપ ભૂંસવા પ્રયત્નશીલ છો એ જાણી અમને ઘણો જ આનંદ થયો. તમારા પ્રયત્નમાં તમે સફળ થાઓ એવી નવા વર્ષે શુભકામનાઓ અને મોડું થતું હોય તોપણ ટ્રાફિકના કાયદાઓનું પાલન તો તમે અવશ્ય કરશો જ એવી વિનંતી પણ.

(૩)

સ્નેહી ભાઈશ્રી,

ગયા વર્ષે ચાલુ મોટરે મોબાઇલ ફોન પર તમે તમારાં પત્નીને દાળમાં મીઠું ઓછું નાખવાની સૂચના આપી રહ્યા હતા ત્યારે એક રિક્ષા સાથે તમારી કાર સહેજ અથડાઈ ગઈ હતી. ચાલુ વાહને મોબાઇલ ફોન પર વાત કરવી એ ગુનો છે એટલે ઘેરથી નીકળતી વખતે જ યાદ કરીને તમારાં પત્નીને બધી સૂચનાઓ આપી રાખવાની ટેવ તમને પડે એવી નવા વર્ષે અમારી હાર્દિક શુભેચ્છાઓ છે. આમ કરવાથી અમારો ને તમારો ઘણો સમય બચશે. વળી, આમ કરવાથી તમારી ને બીજાંઓની જિંદગી બચી જવાની શક્યતા પણ વધશે એ તરફ તમારું ધ્યાન દોરીએ છીએ. પત્નીઓને ગમે તેટલી સૂચના મળે તોપણ તેઓ દાળમાં રોજ નાખતી હોય એટલું જ મીઠું નાખવાનું ચાલુ રાખતી હોય છે એ હકીકત તરફ પણ વિનમ્રપણે તમારું ધ્યાન દોરીએ છીએ.

(૪)

સ્નેહી ભાઈશ્રી,

ગયા વર્ષે તમારી રિક્ષામાં તેર જણને ભરીને તમે હિંમતપૂર્વક ટ્રાફિક પૉઇન્ટ પરથી પસાર થયા હતા. રિક્ષામાં આટલા બધા માણસોને ગોઠવવાની તમારી કળા જોઈ અમે આભા બની ગયા હતા. તમને ઊભા રાખી પૅસેન્જરોને અમે ઊતરવા કહ્યું ત્યારે તેઓ માંડ-માંડ બહાર આવી શક્યા હતા. ટ્રાફિકના આ ગુનામાં બીજા અનેક ગુનાઓ થવાની શક્યતા રહેલી છે એ તરફ તમારું ધ્યાન દોરી, નવા વર્ષે આટલા બધા પૅસેન્જરો સાથે તમે અમારી નજરે નહિ ચડો એવી શુભભાવના વ્યક્ત કરીએ છીએ.

આવાં ગ્રીટિંગ્ઝ કાર્ડની નાની પુસ્તિકા થઈ શકે. પણ અત્યારે તો આટલેથી જ અટકીએ.

# ફીચર્સ હોય એવા સ્માર્ટફોન ઇતિહાસ બની જશે

ટેક્નોલોજી

હર્ષ મેસવાણિયા

ગૂગલે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં એન્ડ્રોઇડ-15 વર્ઝન લૉન્ચ કર્યું હતું. હવે નવા માર્કેટમાં ઉપલબ્ધ બનતાં એન્ડ્રોઇડ ફોનમાં આ વર્ઝન મળી રહ્યું છે. 2023 પછી જે ફોન બન્યા હશે, એમાંય વહેલામોડું એન્ડ્રોઇડનું 15 વર્ઝન અપડેટ કરાવી દેવાશે. 2024 સુધી જે ફોનનું ઉત્પાદન થયું છે એમાં અત્યારે એન્ડ્રોઇડ-14 ચાલે છે.

ગૂગલે એન્ડ્રોઇડ-15ને લઈને કેટલાય નિયમો બનાવ્યા છે. એ એન્ડ્રોઇડ મેકર કંપનીઓ માટે પણ અત્યંત મહત્ત્વના છે અને ગ્રાહક માટે પણ આ જાણવું જરૂરી છે. હવે નવો ફોન લેતાં પહેલાં ગૂગલની આ શરતને ધ્યાનમાં લેવામાં ન આવે તો ફોન નવો હોવા છતાં એની કેટલીય સર્વિસ જતી કરવી પડે એવી સ્થિતિ સર્જાશે. ગૂગલે સ્માર્ટફોન મૅન્યુફૅક્ચર્સને લઈને આ સપ્તાહે જાહેરાત કરી છે, તેનાથી કદાચ મોબાઇલ ફોનના ભાવમાં પણ વધારો થાય તો નવાઈ નહીં. કારણ કે મોબાઇલ ઉત્પાદક કંપનીઓ ગૂગલની શરતોનું પાલન કરે તો એમની પ્રોડક્શન કોસ્ટ વધી જશે. સરવાળે એ બધો ભાર ગ્રાહકોના ખભે આવશે એ નક્કી છે.

એન્ડ્રોઇડમાં ગૂગલ પ્લે સ્ટોર સહિતની પ્રિ-ઇન્સ્ટોલ એપની સર્વિસ જોઈતી હશે તો હાર્ડવેરની નવી શરતોનું પાલન અનિવાર્ય છે. પ્રિ-ઇન્સ્ટોલ એપ્સ એટલે એવી એપ્સ કે જે આપણે મોબાઇલ ખરીદીએ ત્યારે મોબાઇલમાં ડાઉનલોડ થઈને જ આવે છે. આપણે મોબાઇલ ખરીદીએ ત્યારે બધી જ એપ્સ ડાઉનલોડ કરવી પડતી નથી. એન્ડ્રોઇડ અને ઍપલની ઑપરેટિંગ સિસ્ટમમાં અમુક મૂળભૂત એપ્સ પહેલેથી જ ડાઉનલોડ થયેલી હોય છે. વળી, જે સ્માર્ટફોન આપણી પાસે આવે છે એમાં અંદર જ ઑપરેટિંગ સિસ્ટમના ભાગ રૂપે ઘણી સર્વિસ ઉમેરાય છે. તેનાથી મોબાઇલનું પર્ફોર્મન્સ બહેતર બને છે. સ્પીડથી ફોન ચાલે છે એનું કારણ જ એ છે કે તેમાં પ્રિ-ઇન્સ્ટોલ એપ્સ અને રોમની ક્ષમતા વધારે હોય છે. રીડ ઓનલી મેમરી - આરઓએમ એટલે રોમ. આ પ્રકારની મેમરી એટલે ડિવાઇસની પર્મેનન્ટ મેમરી. એનો 50થી 75 ટકા જેટલો હિસ્સો ડેટા પાર્ટિશન માટે અલગ રાખી દેવામાં આવે છે. એને ઇન્ટરનલ સ્ટોરેજ પણ કહેવામાં આવે છે.

એન્ડ્રોઇડ-13 સુધી રોમ 16 GB હોય તો ચાલતું, પરંતુ હવે રોમની કૅપેસિટી વધારીને ફરજિયાત 32 GB કરી દેવાઈ છે. અન્ડ્રોઇડ-15 તો જ ચાલશે જો મોબાઇલમાં રોમ 32 GB હશે. 32 GB રોમ ઉપરાંત દરેક સ્માર્ટફોન ઉત્પાદકે બીજી શરત એ પાળવી પડશે કે રેમ પણ ગૂગલે નક્કી કરેલી ક્ષમતા પ્રમાણે રાખવી પડશે. રેમ એટલે રેન્ડમ એક્સેસ મેમરી. એને ટેમ્પરરી સ્ટોરેજ પણ કહેવાય. અત્યાર સુધી એન્ડ્રોઇડ માટે મિનિમમ રેમ 2 GB રાખવામાં આવી હતી. 2 GBમાં એન્ડ્રોઇડની ઑપરેટિંગ સિસ્ટમના કૉમ્પૅક્ટ વર્ઝનને સમાવી લેવામાં આવતું હતું.




હવે આ રેમની કેપેસિટી વધારીને મિનિમમ 4 GB કરી દેવાઈ છે. એટલે હવે 2 GBની રેમ હોય એવા એન્ડ્રોઈડ ફોન ટૂંક સમયમાં માર્કેટમાં મળતા બંધ થઈ જાય તો નવાઈ નહીં રહે. 2 GB રેમ, 16 GB રોમ એવા કન્ફિગ્રેશનના સ્માર્ટફોન કદાચ એકાદ વર્ષમાં ઇતિહાસ બની જશે. જો કોઈ મોબાઇલમાં 2 GB જ રેમ હશે તો એમાં પ્લે સ્ટોરની સર્વિસ નહીં મળે ને તે સિવાયની ગૂગલની પ્રિ-એપ્સ પણ ઉપલબ્ધ નહીં હોય.

અત્યારે માર્કેટમાં 2 GB રેમ અને 16 GB રોમ અથવા 2 GB રેમ અને 32 GB રોમ એવા સ્માર્ટફોન મળે છે. કદાચ સૌથી સસ્તાં સેગમેન્ટમાં અત્યારે સ્માર્ટફોન આ જ કન્ફિગ્રેશનમાં મળી રહ્યા છે. બે હજારથી આઠ હજારની રેન્જમાં મળી રહેતા આ ફોન કેટલાય જરૂરમંદ ગ્રાહકો માટે ઉપયોગી છે. ખાસ તો કોઈ ફૂડ ડિલિવરી કે સર્વિસીસની કંપનીઓમાં કામ કરતાં ફ્રીલાન્સ કર્મચારીઓ પાસે કંપની જ સ્માર્ટફોનની ડિમાન્ડ રાખતી હોય છે. એવા ફોન બહુ રફ યૂઝ થતા હોવાથી આવા બજેટમાં ઓછા ફોન ઉપયોગી થાય છે. એ જ રીતે સિનિયર સિટીઝન્સ કે પછી સ્ટડીના હેતુથી થોડાં મોટાં બાળકો માટેય પૅરન્ટ્સ આવા ફોન વસાવે છે. તેમને હવે ગૂગલની નવી શરતો પછી ફરજિયાત બજેટ વધારવું પડશે. કારણ કે ગૂગલ એપ સ્ટોર ન ચાલે એવા ફોન કંપનીઓ જ બનાવવાનું બંધ કરી દેશે.

ગૂગલની નવી શરતોથી મોબાઇલ ઉત્પાદક કંપનીઓ મિનિમમ 4 GB, 32 GBના ફોન બનાવે તો એની પ્રારંભિક કિંમત બે હજાર તો નહીં જ હોય. શક્ય છે કે આઠેક હજારથી ઉપલબ્ધ બને. જોકે, ગૂગલના આ પરિવર્તનથી મોબાઇલની ક્વૉલિટીમાં ચોક્કસ ફરક આવશે. પર્ફોર્મન્સ સુધરશે, સ્માર્ટફોન વધુ ઝડપી બનશે. ગેમિંગના ગ્રાફિક્સ ઉમદા બનશે. એપ્સના લાઇટ વર્ઝનને બદલે હેવી વર્ઝન્સ હોવાથી મોબાઇલ યૂઝર્સને સર્વિસમાં ઘણો તફાવત જણાશે. આવતા વર્ષથી માર્કેટમાં ઉપલબ્ધ બનશે એ બધા જ સ્માર્ટફોનમાં મોટાં પરિવર્તનો આવશે.


# મૃગજળમાં તરતો ઈશ્વરનો ચહેરો



ભારતી રાણે

ઈ. સ. પૂર્વે ૨૦૦નું એ દૃશ્ય : અફાટ રણમાં વણજારો ચાલી જાય છે. સફર ખૂબ લાંબી છે. છેક ચીનથી નીકળેલા એ કાફલા સાથે ઉત્તમ પ્રકારના માલસામાનથી લદાયેલાં પશુઓ છે. રેશમ અને ગાલીચા, હાથીદાંત અને અમૂલ્ય રત્નો તો વળી મરી-મસાલા પણ ખરા ! દેશ-દેશની સરહદો પસાર કરતા એ કાફલામાં વિવિધ સામગ્રી સાથે લોકો જોડાતા ગયા છે. ચીન ઉપરાંત તિબેટ, હિન્દુસ્તાન, જાવા-સુમાત્રાથી માંડીને અન્ય એશિયાઈ દેશોમાંથી તો વળી પર્શિયા, અરબસ્તાન, ઈજિપ્ત વગેરે દેશોમાંથી પણ ભાતભાતનો અમૂલ્ય સામાન લઈને લોક ભળતું જાય છે. આખોય કાફલો ચાલી નીકળ્યો છે, યુરોપના દેશો તરફ. રસ્તે વણજારો જ્યાં પડાવ નાખે છે, ત્યાં જ્ઞાનનું ને માલસામાનનું, સંસ્કૃતિનું, માહિતીનું, અરે ! વાનગીઓનું સુધ્ધાં આદાનપ્રદાન થતું રહે છે. ગામો, શહેરો અને વસ્તીઓ વટાવ્યાં પછી હિમાલયનો પર્વતીય વિસ્તાર પણ પસાર થઈ ગયો; પછી રણપ્રદેશ શરૂ થઈ ગયો છે. હવે નિર્જન વેરાનમાં ચકલુંયે ફરકતું દેખાતું નથી. નિ:સીમ લાગતા રણમાં દેખાય છે બસ, અનંતની સફરે નીકળ્યો હોય તેવો, હાંફતાં ઊંટ સાથે દોડી જતો રેતીની ડમરી જેવો કાફલો ! અચાનક જવાળા જેવું લપકતી રેતી સોંસરવું કોઈ કૌતુક મુસાફરોની નજરે પડે છે. ક્ષિતિજરેખ પર લીલીછમ હરિયાળી દેખાવા લાગે છે. કોઈ શમણા જેવા રૂપાળા નગરના અણસાર નજરને રોકી લે છે. મુસાફર પોતાની જાતને ચીમટી ભરી જોઈ લે છે, રખેને એ કોઈ શમણું હોય ! કોઈ કહે છે, ‘રેતાળ આંધીઓ વચ્ચે છળતી મૃગમરીચિકા આ તો !’ તો કોઈ કહે છે, ‘એ તો નર્યાં ઝાંઝવાંનાં જળ ! અહીં આ પારાવાર વિસ્તરેલા રણમાં બીજું હોય પણ શું ?’ મૃગજળ સમાન એ સ્થળની એંધાણીએ કાફલો આગળ વધતો રહે છે, પરંતુ એની નજીક પહોંચતાં પથિકના અચંબાનો પાર રહેતો નથી. અહીં તો સાચે જ લીલીછમ્મ ધરા છે, મીઠાં જળના વીરડા છે, ને એની આસપાસ સાચે જ વસેલું છે, એક સપના જેવું ગામ. સૌના મોંમાંથી ઉદ્‌ગાર સરી પડે છેઃ બુહારો! અર્થાત્ મૃગજળની માયા. ઝોરાષ્ટ્રિયન ભાષામાં બુહ્‌નો અર્થ થાય છે, ઈશ્વર અને ઑરોનો અર્થ સૌંદર્ય. ઝોરેષ્ટ્રિયનો માને છે કે, ઈશ્વરના ચહેરા જેવું સુંદર હતું એટલે આ ગામ બુહ્ ઑરો - બુખારા કહેવાયું.

તાશ્કંદ છોડ્યું ને અમારું હવાઈ જહાજ વિશાળ સરોવર ઐદાર ઉપર ઊડવા લાગ્યું. પાણી ઉપર જરાક ઊડ્યા પછી રણપ્રદેશ દેખાવા લાગ્યો. રૂપેરી રેતીનો એકધારો અમાપ મહાસાગર જાણે ! અનંત સુધી વિસ્તરેલા ભાસતા એ રણ ઉપર લાંબો સમય ઊડ્યા પછી અચાનક રેતાળ પ્રદેશની વચ્ચોવચ લીલોતરીની કોર દેખાઈ, ને એની વચ્ચે ઊપસી આવ્યું એક રૂપકડું ગામ ! મનમાં ભજવાતાં યુગો પહેલાંની વણજારોનાં દૃશ્યો સાથે વિમાનમાંથી દેખાતું દૃશ્ય એકાકાર થઈ ગયું ને મન ઉદ્‌ગારી ઊઠ્યું : બુહારો ! બુહારો ! અરે, આ તો મૃગજળમાં તરતો ઈશ્વરનો ચહેરો !



બુખારામાં ફરતાં ખ્યાલ આવ્યો કે, એના હેરતભર્યા ભૌગોલિક સ્થાન કરતાં પણ એનો ઇતિહાસ વધુ હેરતભર્યો છે, એનાથી પણ હેરતભર્યાં છે અહીં થઈ ગયેલા મનુષ્યોનો પુરુષાર્થ અને એમની જ્ઞાનપિપાસા. કોણ કલ્પી શકે કે, અફાટ રણ વચ્ચે વસેલ આ સ્થળ સહસ્રાબ્દીઓ પહેલાં પણ ઇસ્લામિક જગતનું અગત્યનું વિદ્યાધામ હતું ! નવમી અને દસમી સદી અહીંનો સુવર્ણકાળ ગણાય છે. એ સમયમાં થઈ ગયેલ રાજવી ઈસ્માઈલ સામાની અહીં અત્યંત પૂજનીય છે. કારણ કે, સાતમી અને આઠમી સદીમાં અહીં ઈસ્લામનું આક્રમણ થયું હતું. તે સમયે અહીં આવી ચડેલા ક્રૂર આરબોએ જરથુષ્ટ્રિયન ધર્મ પાળતી આર્ય પ્રજાને સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવીને ધર્માંતરણ કરવા મજબૂર કરી. હારીને ઈસ્લામ સ્વીકારવા છતાં મનમાં તથા આચરણમાં પોતાના મૂળ સંસ્કાર જાળવી રાખતી આ પ્રજાને નવમી સદીમાં આ રાજા ઈસ્માઈલ સામાનીએ આરબોથી મુક્તિ અપાવી સ્વતંત્ર કરી. કલા, સાહિત્ય તથા વિજ્ઞાનના વિદ્વાનોને રાજ્યાશ્રય આપી, એમના જ્ઞાનને સાચવવાનું કામ કર્યું. ક્રૂર હોવા છતાં, આરબોમાં પણ ગણિતશાસ્ત્રના તથા ખગોળશાસ્ત્રના વિદ્વાનો હતા. સામાનીએ એમના પ્રત્યે પણ સદ્ભાવ દાખવ્યો. આમ તે સમયગાળામાં ધર્મનિરપેક્ષ જ્ઞાનનો સુવર્ણકાળ અહીં સર્જાયો.

કુરાન પછી બીજા નંબરનો મુખ્ય ઇસ્લામિક ધર્મગ્રંથ 'હદીથ' કે જેમાં પયગંબર મુહમ્મદના આદેશો લખેલા છે, તેના સર્જક ઈમામ અલ બુખારી એ સમયમાં અહીં થઈ ગયા. 'અલ-જબર'ના નામથી ગણિતના નિયમો ઘડનાર ગણિતજ્ઞ અલ ખ્વારિઝ્મી એ સમયમાં અહીં થઈ ગયો. કહેવાય છે કે, અલ ખ્વારિઝ્મી પોતાના પુસ્તક 'અલ-જબર'ની માહિતી એકઠી કરવા ભારત આવેલો. એણે ભારતમાં પ્રચલિત સિદ્ધાંતો તથા પોતે વિકસાવેલી પદ્ધતિનો સમન્વય કરીને આ પદ્ધતિ સમજાવતું પુસ્તક લખ્યું. એણે

આ જ્ઞાન રોમનોને વેચ્યું. આમ આ પુસ્તકના નામ ‘અલ-જબર’ પરથી ગણિતનો એ સિદ્ધાંત ઍલ્જિબ્રા કહેવાયો તથા પુસ્તકનો રચયિતા અલ ખ્વારિઝ્મી ‘ફાધર ઑફ ઍલ્જિબ્રા’ કહેવાયો.

એ સમયખંડનો બીજો એક નોંધપાત્ર વૈજ્ઞાનિક હતો હુસૈન ઈબન્સિનો. એનું બીજું નામ હતું મદાદિસીનો. એ ચિકિત્સાશાસ્ત્રનો નિષ્ણાત હતો. એક વાર રાજા બીમાર થઈ ગયો. કોઈ ઉપાય કારગત નીવડતો ન હતો, ત્યારે મદાદિસીનોએ આપેલ ઔષધીઓથી રાજા સારો થઈ ગયો. બદલામાં રાજાએ મનગમતું વરદાન માગવા કહ્યું. ઈબન્સિનોએ કહ્યુંઃ ‘માત્ર મને રાજ્યની લાઈબ્રેરીનો છૂટથી ઉપયોગ કરવા મળે, તેવું ગોઠવી આપો.’ બુખારાની લાઈબ્રેરી વિશ્વના ખૂણેખૂણેથી આણેલાં જ્ઞાનનાં હજારો પુસ્તકોથી સમૃદ્ધ હતી. મદાદિસીનોએ એ તમામ ઉપાર્જિત જ્ઞાન સાથે પોતાના મૌલિક જ્ઞાનનો સમન્વય કરીને ચિકિત્સાશાસ્ત્રની રચના કરી, જે માદાદિસીનોના નામ પરથી મેડિસિન કહેવાયું.

ભૌતિકશાસ્ત્ર, ખગોળવિજ્ઞાન, ગણિત તથા ભૂગોળનો જ્ઞાતા તથા સંસ્કૃત, હિબ્રૂ સહિત અનેક ભાષાઓ જાણનાર વિદ્વાન બિરૂની પણ સુવર્ણકાળમાં અહીં રહી ગયો હતો. બિરૂનીએ આપણા સંસ્કૃત જ્ઞાનભંડારનો અરેબિકમાં તથા અરેબિક જ્ઞાનનો સંસ્કૃતમાં અનુવાદ કર્યો. ઉમર ખય્યામ સહિત અનેક સાહિત્યકારો પણ એ સુવર્ણકાળમાં અહીં રહ્યા હતા. આમ જ્ઞાનપિપાસાનો જે ઉછાળ એ સમયે અહીં આ અફાટ રણ વચ્ચે ઊભેલી એકાકી ભૂમિમાં સર્જાયો, તે વિસ્મયજનક છે.

આ સ્થળ સાથે પર્શિયન મૂળના ઝોરાષ્ટ્રિયન અનુબંધની સાબિતી રાજા ઇસ્માઈલ સામાનીના કબ્રગાહમાં મળી. ઈસ્લામકાળ પહેલાંની એશિયન સ્થાપત્યકલાનું પ્રતિનિધિત્વ કરતું આ સ્થાપત્ય પથ્થરોમાંથી નહીં, ઈંટોથી બનાવાયું છે. અહીંની રેતીના કણોમાં સ્ફટિકો છે, જે સૂર્યપ્રકાશમાં રંગ બદલે છે. મુસ્લિમ રાજાની કબર ઉપરના આ સ્થાપત્યની ઈંટકલામાં છુપાયેલ આકારોમાં ઝોરાષ્ટ્રિયન સંસ્કૃતિનાં પ્રતીકો અગ્નિ, પાણી, આકાશ, વરુ વગેરે અમારા ગાઈડે બતાવ્યાં. તેમણે સમજાવ્યું કે, ‘ઈસ્લામ સ્વીકાર્યા પછી સદીઓ વીતી ગઈ, છતાં પણ બુખારાની પ્રજાએ આર્ય સંસ્કાર જાળવી રાખ્યા છે. આર્યકુળના આપણે સૌ. આપણી સંસ્કૃતિઓ વચ્ચે ઘણી સમાનતા છે. જેમ કે, અમારે ત્યાં પણ વર પરણવા જાય ત્યારે નાચતાગાતા દોસ્તો સાથે વાજતેગાજતે કન્યાને બારણે જાય છે. કન્યાના ઘરે એક વેદીમાં અગ્નિ પ્રગટાવવામાં આવે, અને વર કન્યાને ઊંચકીને આ અગ્નિ ફરતે સાત ફેરા ફરે ! આખાય ઉઝબેકિસ્તાનમાં માત્ર બુખારામાં જ આવી પ્રથા છે.’ મુસ્લિમ રાષ્ટ્રની મુસ્લિમ ધર્મ પાળતી પ્રજાને ત્યાં અગ્નિ ફરતેના સાત ફેરાના રિવાજની વાત સાંભળીને નવાઈનો પાર ન રહ્યો !

ચકિત કરી દે, તેવી હકીકત એ છે કે; બુખારાનું એકેએક સ્થાપત્ય પોકારી પોકારીને કહે છે કે, આ શહેર આજકાલનું નથી, એ તો વિષમ મરુભૂમિ વચ્ચે સહસ્રાબ્દીઓથી અડીખમ ઊભેલું છે. છેક ચીન, ઈરાન, જાપાન અને હિન્દુસ્તાનથી અફાટ રણને વીંધીને ચાલ્યા આવતા કાફલાનાં પગલાં અહીંની રેતીએ સાચવ્યાં છે.

# પૃથ્વીથી અંતરિક્ષ ભણી



કશ્યપ એન. માંકડ

'પૃથ્વીથી અંતરિક્ષ ભણી...', ભાઈશ્રી ચિંતન ભટ્ટનું વર્ષ ૨૦૨૫માં પ્રકાશિત થયેલું પુસ્તક છે જે વાંચવાનો અને તેનો પરિચય કરાવવાનો મોકો મને મળ્યો છે.

પૃથ્વીથી અંતરિક્ષ ભણી ગઈકાલ, આજ અને આવતીકાલના અવકાશ સંશોધનનાં રહસ્યોને ઉજાગર કરવાના તેના અભિગમને કારણે વાચકને તે આકર્ષે છે. ચિંતનભાઈ પોતાની નિષ્ણાત તકનીકી આંતરદૃષ્ટિને ભાવિ સ્વપ્નદ્રષ્ટા વિચારો સાથે જોડે છે, વાચકોને એવી દુનિયામાં લઈ જાય છે જ્યાં અવકાશ તકનીક ફક્ત નવીનતા જ નથી – તે ભાગ્ય પણ છે. આપણે જાણીએ છીએ કે અંતરિક્ષ વિશાળ છે, અનંત છે. અંતરિક્ષને જોવા, જાણવા અને સમજવાનાં અનેક પાસાંઓ છે. આ બધાં જ પાસાંઓને આવરી લેતું એક પુસ્તક લખવાની હિંમત શ્રી ચિંતન ભટ્ટે કરી છે અને તેમાં સફળ રહ્યા છે. એમણે અંતરિક્ષના પરિચયથી લઈને ત્યાં રહેલા અથવા તો આપણે પેદા કરેલા કચરા સુધીની વાતોની વિશદ ચર્ચા પંદર પ્રકરણોમાં ખૂબ સુંદર રીતે કરી છે.

આજે જ્યારે ભારતના ચંદ્રયાન-૩ની સફળતાએ અને ભારતીય મૂળ ધરાવતાં અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સના સફળ પુનરાગમને સામાન્ય લોકોમાં પણ અંતરિક્ષ વિશે જાણવાની ઉત્કંઠા વધારી છે ત્યારે આ પુસ્તક એકદમ સાચા સમયે પ્રકાશિત થયું છે તેમ અવશ્ય કહી શકાય.

પુસ્તકની શરૂઆત અંતરિક્ષના પરિચયથી થાય છે અને આ જ પ્રકરણમાં વાતાવરણનાં સ્તરો અને તેની અસર પર વિગતે માહિતી અપાઈ છે. આ અને ત્યાર પછીનું પ્રકરણ ભૌતિકશાસ્ત્ર અને ઈજનેરી સિદ્ધાંતોને આધાર બનાવી લખાયાં છે. આ પુસ્તકના વિશિષ્ટ ગુણોમાંનો એક તેની સુલભતા છે. તેની તકનીકી પ્રકૃતિ હોવા છતાં, ચિંતનભાઈ જટિલ ખ્યાલોને આકર્ષક રીતે રજૂ કરે છે, જે તેમને નિષ્ણાતો અને સામાન્ય વાચકો બંને માટે સમજી શકાય તેવું પુસ્તક બનાવવા પ્રેરે છે.

દ્વિતીય વિશ્વયુદ્ધ પછી શરૂ થયેલા અમેરિકા અને સોવિયેત સંઘ વચ્ચેના શીતયુદ્ધને કારણે શરૂ થયેલી અંતરિક્ષયાત્રા, આજે સર્વ સામાન્ય અને લોકાભિમુખ બની ગઈ છે. અને એટલે જ, વિશ્વની લગભગ બધી જ સંસ્થાઓ જે આ ક્ષેત્રમાં કામ કરે છે તેનો પરિચય, ચિંતનભાઈ આપવાનું ભૂલ્યા નથી.

હવે પછીનાં પાંચ પ્રકરણો, પ્રકરણ ૪થી પ્રકરણ ૯ મારાં અંગત અને પ્રિય બની ચૂક્યાં છે. પૃથ્વીની આસપાસ અલગ અલગ ઊંચાઈએ ફરતા કૃત્રિમ ઉપગ્રહો, તેના ઉપયોગો, ભવિષ્યના ઉપગ્રહોની સુંદર માહિતી તો મળી જ રહે છે પણ; અન્ય ગ્રહો અને ચંદ્ર પર મોકલાયેલાં અવકાશયાનોની માહિતી, તેના પ્રકાર, સમાનવ અંતરિક્ષયાન જેવા અત્યંત રસપ્રદ વિષયો પણ આ પાંચ પ્રકરણોમાં સુંદર રીતે સમાવાયા છે અને માત્ર આટલું જ નહીં; પણ આ અવકાશયાનોને અંતરિક્ષયાત્રીઓ સાથે કે વગર,

પૃથ્વીના વાતાવરણની અને અમુક વખતે ગુરુત્વાકર્ષણની બહાર મોકલતા પ્રક્ષેપણયાન(રૉકેટ)ની અદ્ભુત માહિતી પણ આપેલી છે. રેમજેટ ઍન્જિન, બિનપારંપરિક ઈંધણવાળાં ઍન્જિન જેવા વિષયોની માહિતી તો આ વિષયોનાં અંગ્રેજી પુસ્તકોમાં પણ જલદીથી ઉપલબ્ધ નથી. આ, લેખકની આંતરસૂઝ અને દરેક વિષયમાં ઊંડાણ સુધી જવાની ખાસિયત દર્શાવે છે.




ચિંતનભાઈ માત્ર ઊંડાણ સુધી જ નથી જતા પણ તેમનો ઇસરોનો બહોળો અનુભવ તેમને કોઈ પણ વિષયમાં આદિથી અંત સુધી ખેડાણ કરવા પ્રેરે છે જેનું આ જ્વલંત ઉદાહરણ છે. આ પુસ્તકનાં છેલ્લાં પાંચ-છ પ્રકરણો. પ્રક્ષેપણયાન, ઉપગ્રહો અને અવકાશયાનની વાત કર્યા પછી, અંતરિક્ષમાં ઉત્પાદન, પર્યટન... અરે! અંતરિક્ષમાં ખેતી અને કચરાની વાતો તો કોઈ સુલઝેલો, મોટા ગજાનો લેખક જ કરી શકે. ચિંતન ભટ્ટે આ કરી બતાવ્યું છે. આજે દરેક પ્રકારના વિવિધ ઉપગ્રહોના પ્રક્ષેપણની સંખ્યા સતત વધતી જાય છે ત્યારે તેના નિયમન અને પ્રક્ષેપણની પરવાનગી વિશે આપણને જાણવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. છેલ્લા પ્રકરણનો ઉઘાડ ચિંતનભાઈએ આ મુદ્દાથી કર્યો છે. પ્રસ્તુત માહિતી આ પુસ્તકને અનન્ય બનાવવામાં ફાળો આપે છે.

નિષ્કર્ષમાં, 'પૃથ્વીથી અંતરિક્ષ ભણી...' એક આકર્ષક વાંચનસામગ્રી છે જે અવકાશ ટૅક્નૉલૉજીની તકનીકી જટિલતાઓને સફળતાપૂર્વક માનવભાવનાની શોધ કરવાની આકાંક્ષા સાથે જોડે છે. અવકાશ ટૅક્નૉલૉજી આપણા ભવિષ્યને કેવી રીતે આકાર આપી રહી છે અને આકાર આપતી રહેશે તે સમજવામાં રસ ધરાવતા કોઈ પણ રસિક માટે હું આ પુસ્તક વાંચવાની આગ્રહપૂર્વક ભલામણ કરું છું. લેખકની માહિતીપ્રદ અને આકર્ષક શૈલીને જોતાં, હું આ પુસ્તકને E-book ફૉર્મેટમાં પણ પ્રકાશિત કરવાની ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને ભલામણ કરું છું. એક સૂચન એ પણ છે કે જો આ પુસ્તકનાં ચિત્રો રંગીન હોત તો વિષય હજુ પણ વધારે સરળતાથી સમજાવી શકાયો હોત. હા, રંગીન મુદ્રણના ખર્ચ વિશે તો હું સભાન છું, તેથી E-book ફૉર્મેટમાં આ શક્ય બની શકે.

અંતમાં, આ પુસ્તક તૈયાર કરવાની જહેમત માટે માત્ર ચિંતનભાઈનો જ નહીં, પણ આવા વિષયને પ્રોત્સાહિત કરી, પ્રકાશિત કરવા માટે, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનો પણ આભાર માનવો જ રહ્યો.

શુભેચ્છાઓ અને અભિનંદન સહ.

*(પૂર્વ) ગ્રૂપ ડાયરેક્ટર, અંતરિક્ષ ઉપયોગ કેન્દ્ર, (ઇસરો) અમદાવાદ*

*[પૃથ્વીથી અંતરિક્ષ ભણી, લેખક : ચિંતન ભટ્ટ, પૃષ્ઠ સંખ્યા : ૧૮૪, કિંમત : રૂ. ૨૪૦, પ્રથમ આવૃત્તિ, પ્રકાશક: ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ ૩૮૦૦૧૩]*

# બેરફૂટ સાયન્ટિસ્ટ



પ્રીતિ શાહ

ગાઢ નિદ્રામાં સૂતેલી વ્યક્તિ જાતે જ ઘડિયાળમાં મૂકેલા એલાર્મને બંધ કરીને ફરી પાછી ગાઢ નિદ્રામાં સરી પડતી હોય છે. મોટી ઉંમરની વ્યક્તિ તો થોડી વાર પછી કમને કે અનિચ્છા હોય, તો પણ ઊઠી જતી હોય છે, પરંતુ બાળકોનું શું ? સવારે સ્કૂલે જતાં બાળકોની મમ્મીઓ માટે આ રોજની રામાયણ ! કર્ણાટકના ધારવાડ જિલ્લાના અન્નીગૅડી ગામમાં રહેતા અબ્દુલને પણ સવારે પથારીમાંથી ઊઠવું ગમે નહીં. રોજ સ્કૂલે જવાનું અને એમાં રોજ સવારે ઊઠવાની મુશ્કેલી. અબ્દુલ મોટો થયો કે એણે વિચાર્યું કે આવું ક્યાં સુધી ચાલશે ? માતા-પિતા પાસેથી કાયમ એવી અપેક્ષા ન રાખી શકાય કે તેઓ રોજ સવારે એને ઉઠાડવા પાછળ આટલી મહેનત કરે ને પરેશાની ભોગવે. તેથી ૧૪ વર્ષના અબ્દુલ ખાદર નદકત્તિને વૉટર એલાર્મ બનાવ્યો. એલાર્મની ચાવી પર એક પાતળી દોરી બાંધી. એ દોરીનો બીજો છેડો પાણીની બૉટલ સાથે બાંધ્યો. એલાર્મની ચાવી ફરે એની સાથે દોરી પણ ફરે અને પાણીની બૉટલ સાથે બાંધેલી દોરી ખેંચાય તેથી પાણી અબ્દુલ પર પડે. દસમા ધોરણ સુધી તે આ રીતે સવારે સમયસર ઊઠી જતો અને સ્કૂલે જતો.

દસમા ધોરણ પછી અબ્દુલ વધુ અભ્યાસ ન કરી શક્યો, પરંતુ આ વૉટર એલાર્મથી શરૂ થયેલાં એનાં સંશોધનોએ એને સિત્તેર વર્ષની ઉંમરે આ વર્ષે 'પદ્મશ્રી'નું સન્માન અપાવ્યું છે. આજે અબ્દુલ ખાદર નદકત્તિનના નામે ચાળીસ ઈનૉવેશન છે. રોજબરોજની સમસ્યાને હલ કરીને એણે ખેડૂતોને ઘણી મોટી મદદ કરી છે. તેને કારણે ખેડૂતોની ખેતપેદાશોમાં પચીસ ટકા વૃદ્ધિ થઈ છે. અબ્દુલના પિતા પાસે પૂર્વજો પાસેથી મળેલી સાઠ એકર જમીન છે, પરંતુ પાણીની અછતને કારણે ખેતીમાંથી જોઈએ તેવી આવક થતી નહોતી. આર્થિક મુશ્કેલીને કારણે ઍગ્રિકલ્ચરમાં સ્નાતક થવાનું સ્વપ્ન અબ્દુલે છોડી દેવું પડ્યું અને પિતાના કહેવાથી ખેતીમાં મદદ કરવા લાગ્યા. તેઓ પોતે આગળ અભ્યાસ ન કરી શક્યા, પરંતુ રોજબરોજની સમસ્યાઓને પારખીને તેનો પોતાની રીતે ઉકેલ શોધવા લાગ્યા.

અબ્દુલ નદકત્તિને સૌથી પહેલાં તો હળ ચલાવવા માટે બળદની જરૂર પડતી હતી, તેની જગ્યાએ એક મશીન બનાવ્યું, જે જમીન ખેડી શકે. ૧૯૭૫માં તેમણે વિશ્વશાંતિ ઍગ્રિકલ્ચરલ રિસર્ચ ઍન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ સેન્ટર દ્વારા તે વેચાય તેની વ્યવસ્થા કરી, પરંતુ આર્થિક મુશ્કેલીને કારણે તે બજારમાં મૂકી શકાયું નહીં. આ મશીનમાં એવી બ્લેડ બનાવી કે લાંબા સમય સુધી તેની ધાર કાઢવી ન પડે અને તેને ટ્રૅક્ટર સાથે પણ જોડી શકાય. જુવારથી માંડીને મગફળી સુધીનાં જુદી જુદી સાઈઝનાં બી વાવી શકાય એવું ઉપકરણ બનાવ્યું. મહારાષ્ટ્રના ખેડૂતોની માગણીને લઈને એણે શેરડી વાવવાનું મશીન પણ બનાવ્યું. એના પિતા અને દાદાને સંઘર્ષ કરતાં જોઈને એણે નક્કી કર્યું કે પાણીની અછતનો ઉપાય શોધવો. બોર અને ચીકુના વૃક્ષની વચ્ચે આંબાનું વાવેતર કર્યું. મરચાંનું

વાવેતર કર્યું, પરંતુ પાણી ન મળવાને કારણે પાક બળી જતો તેથી એમણે ઓછા પાણીથી થતાં આંબલીનાં ઝાડ રોપ્યાં. છ એકર જમીનમાં વીસ ફૂટના અંતરે આંબલીના છસો છોડ વાવ્યા. ૧૯૮૫માં દુષ્કાળ પડ્યો, ત્યારે અગિયાર બોરવેલ બનાવ્યા, પરંતુ એમાં બે બોરવેલમાંથી જ પાણી મળ્યું. વરસાદી પાણી એકઠું કરીને છ નાનાં તળાવ બનાવ્યાં. આંબલીનાં વૃક્ષ મોટાં થવા લાગ્યાં. એમનો આત્મવિશ્વાસ વધ્યો અને બીજી દસ એકર જમીનમાં અઢારસો છોડ વાવ્યા અને એમાંથી અગિયારસો વૃક્ષ થયાં.



**અબ્દુલ ખાદર નદકત્તિન**

હવે પ્રશ્ન એ થયો કે આટલી બધી આંબલીનું કરવું શું ? તેથી તેમની પત્ની અને દીકરીએ તેમાંથી અથાણાં અને જામ બનાવવાનું શરૂ કર્યું, પરંતુ આંબલીમાંથી બી કાઢવાનું અને તેના નાના ટુકડા કરવાના કામમાં સમય બહુ લાગતો અને એટલા મજૂરો મળતા નહીં તેથી છ મહિનામાં ત્રણ લાખ ખર્ચીને આંબલીમાંથી બી કાઢવાનું મશીન બનાવ્યું. ત્યારબાદ આંબલીના નાના ટુકડા થાય તેવું બીજું મશીન બનાવ્યું. તેમણે કરેલાં બધાં સંશોધનોમાં આંબલીનાં બી કાઢવાનું સંશોધન તેમને સૌથી કપરું સંશોધન લાગે છે. ‘સીરિયલ ઈનૉવેટર’ ગણાતા અબ્દુલ નદકત્તિને આંબલી અંગે એટલું સંશોધન કર્યું કે સહુ તેમને ‘હુનાસે હુચ્ચા’ અર્થાત્ આંબલી માટે પાગલ તરીકે ઓળખવા લાગ્યા.

થૉમસ આલ્વા એડિસનને પોતાના પ્રેરણાસ્રોત માનનાર અબ્દુલ નદકત્તિન આટલાં સંશોધન કર્યા પછી પણ કાયમ આર્થિક સમસ્યાઓનો સામનો કરતા રહ્યા છે. એમણે એમનાં સંશોધનો માટે થોડી જમીન ગિરે મૂકી છે. તેઓ જે કોઈ ઉપકરણ બનાવે, તેની પાછળ નફો મેળવવાનો આશય નથી રાખતા, પરંતુ ખેડૂતોની સેવા કરવાનો હેતુ ધરાવે છે. તેઓ ખેડૂતો પર આર્થિક બોજો નાખવા નથી માગતા. જોકે હવે તેમને નૅશનલ ઈનૉવેશન ફાઉન્ડેશન, યુનિવર્સિટી ઑફ ઍગ્રિકલ્ચરલ સાયન્સીસ, ધારવાડ અને કર્ણાટક સરકાર તરફથી તેમનાં સંશોધનો માટે ફંડ મળવા લાગ્યું છે. તેઓ કહે છે કે કોઈ પણ સંશોધન પાછળ સમય અને પૈસા ખર્ચવા પડે છે, પરંતુ તેઓ ખેડૂતોને સહાય કરવા, તેમનાં સ્વપ્નને સાકાર કરવા સતત મહેનત કરે છે. તેઓ માને છે કે આપણા દેશનું અર્થતંત્ર ખેડૂતો પર ચાલે છે. ખેડૂતોને જુદા જુદા સ્તરે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તે હળવી કરવા તેઓ પ્રયત્નશીલ છે, કારણ કે હવે પછીની કૃષિક્રાંતિ સંશોધનોથી જ આવી શકશે. ૨૦૧૫માં તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હાથે તેમને લાઇફટાઇમ અચીવમેન્ટ ઍવૉર્ડ મળ્યો, ત્યારે જમીન સાથે જોડાયેલ ભાવનાને અભિવ્યક્ત કરવા તેમણે ખુલ્લા પગે ચાલીને તે ઍવૉર્ડ ગ્રહણ કરેલો. તેથી તેઓ ‘બેરફૂટ સાયન્ટિસ્ટ’ તરીકે પણ ઓળખાય છે.

# હૉંગકૉંગનું કૉફિન હાઉસ ૭૫૮



હેમંત વાળા

ગુજરાતીમાં કહેવત છે - 'પહેલું સુખ તે જાતે નર્યા અને બીજું સુખ તે ઘરબાર કર્યા'. કહેવત અનુસાર જીવનમાં તંદુરસ્તીનું મહત્ત્વ સૌથી વધુ છે અને તે પછી ઘરનું મહત્ત્વ છે. એક રીતે જોતાં આ બંને પરસ્પર સંકળાયેલાં પણ છે. જો આવાસમાં કુદરતી હવા-ઉજાસનું પ્રમાણ વધુ હોય તો તંદુરસ્તી જળવાય. વિશ્વના ધનિક ગણાતા શહેરમાં જેની ગણના થાય છે તે હૉંગકૉંગના ઘણા લોકો તંદુરસ્તી માટે જોખમકારક ગણી શકાય તેવાં ઘરોમાં રહેતા હોય છે. આ ઘર એટલે કૉફિન હાઉસ અર્થાત્ શબપેટી ઘર. અહીં એક ઓરડા જેટલી જગ્યામાં ૧૦ થી ૧૨, કે તેથી પણ વધારે લોકો પોતાની સ્વતંત્ર જગ્યા નિર્ધારિત કરીને રહેતા હોય છે. પરિણામે દરેક વ્યક્તિને એટલી ઓછી જગ્યા મળે કે આ પ્રકારના ઘરને 'શબપેટી'નું નામ અપાયું છે. ઉપભોક્તાવાદની કડવી વાસ્તવિકતાનું આ સચોટ ઉદાહરણ છે. એક તરફ વિશ્વમાં જેની સતત ચર્ચા થઈ રહી હોય તેવાં બહુમાળી આલીશાન મકાનો અને બીજી તરફ શબપેટી જેવાં ઘર. તે સાથે આ પ્રકારના ઘરનું ભાડું સમજી ન શકાય, સ્વીકારી ન શકાય તેટલું વધારે હોય છે. મજબૂર માનવી છતાં પણ ત્યાં રહેવા તૈયાર થાય છે. એક મોજણી પ્રમાણે ઈ.સ. ૨૦૦૭માં આશરે ૫૩,૦૦૦ કરતાં વધુ લોકો આ પ્રકારના શબપેટી ઘરમાં રહેતા હતા. એક અંદાજ પ્રમાણે આ આંકડો આજે અઢી લાખ કરતાં વધારે છે.

આ પાંજરા જેવાં ઘરોમાં વ્યક્તિ જાણે પોતાને પૂરી દે છે. અહીં રહેનાર કેટલીક વ્યક્તિઓ સાથે કરાયેલ વાર્તાલાપથી એમ જણાય છે કે આ જગ્યાનો ઉપયોગ માત્ર સૂવા માટે અને કેટલીક ન્યૂનતમ અંગત સામગ્રીને રાખવા માટે જ કરાય છે. અમુક સ્થાને તો સંડાસ જેવી પ્રાથમિક સવલતો પણ નથી હોતી અથવા હોય તો તે અગવડજનક હોય છે. સામાન્ય દિવસે આ લોકો મોટા ભાગનો સમય બહાર જાહેર સ્થાનમાં અથવા બગીચામાં પસાર કરે છે. જ્યારે લોકો આ શબપેટી ઘરમાં હોય ત્યારે મોબાઇલ તેમને માટે સૌથી વધુ જરૂરી બની રહે છે. ક્યારેક એમ માનવા મન પ્રેરાય કે આ પ્રકારના ઘર કરતાં તો જેલ સારી હોય, ફેર એટલો કે આ ઘરમાં વ્યક્તિને પોતાની, અતિ મર્યાદિત તો અતિ મર્યાદિત, પણ સ્વતંત્રતા હોય.

વાસ્તવિકતા એ છે કે એક બેડ જેટલી જગ્યામાં જ ડઝન એક વ્યક્તિઓ રહેતી હોય છે, જાણે કે એકબીજા પર ખડકાયેલી અભરાઈઓમાં રહેતા માનવી. અહીં બધું જ પરસ્પર સહકારથી વાપરવામાં આવે. અહીં એકબીજાને સાચવી લેવાની ભાવના દૃઢ હોય. થોડીક અગવડ બધા જ ચલાવી લે. અહીં દરેક સમયે, દરેક બાબતે સમાધાન કરવું પડે. અહીં અપંગ માટે લગભગ કોઈ સ્થાન નથી. કેટલાક વૃદ્ધ લોકોએ પાંજરામાં તેમના જીવનને 'મૃત્યુની પ્રતીક્ષા કરતી સ્થિતિ' તરીકે વર્ણવ્યું છે. ધનિક ગણાતા હૉંગકૉંગમાં પ્રોપર્ટીની તેજીની આ એક કાળી બાજુ છે, જ્યાં કેટલાક લોકો એટલી નાની જગ્યામાં રહેતા હોય કે વ્યક્તિ અહીં પોતાના પગને સંપૂર્ણ રીતે લાંબા ન કરી શકે.

અહીં કૌટુંબિક જીવનની સંભાવના નથી હોતી. અહીં વ્યક્તિગત પ્રસન્નતા માટેનો માહોલ નથી હોતો. અહીં તંદુરસ્તી બગડવાની પૂરેપૂરી સંભાવના હોય છે. અહીં વ્યવસ્થિત હલનચલન પણ શક્ય નથી બનતું. શબપેટી ઘરમાં બધો જ સામાન



ખડકલાની જેમ રખાય અને તેથી માનસિક અશાંતિ ઊભી થાય. અહીં વીજળીનાં દોરડાં પણ આમતેમ ગોઠવાયેલાં હોય અને તેથી ક્યાંક અકસ્માત થવાની સંભાવના પણ રહે. આ પ્રકારની પરિસ્થિતિથી ક્યારેક આગ પણ લાગી શકે. આ ઘરમાં કુદરતી હવાની અવરજવરની સંભાવના ન હોવાથી અહીં ભેજનું પ્રમાણ પણ વધુ રહે. આ બધા સાથે અહીં ગીચતા વધુ હોવાથી, અકસ્માતના સમયે રાહતકાર્ય પણ મુશ્કેલ બની જાય. આવી પરિસ્થિતિમાં પણ લોકો રહેતા હોય છે, તે પણ હૉંગકૉંગ જેવા શહેરમાં.

દરેક સરકારની જેમ અહીંની સરકાર પણ આ પરિસ્થિતિ માટે ચિંતિત છે. સરકાર નવા નિયમો બનાવે છે. નવી સવલતો ઊભી કરે છે, ચોક્કસ પ્રકારનું આર્થિક પ્રોત્સાહન આપે છે, ખૂટતી બાબતોને અન્ય સ્થળે પહોંચાડવા પ્રયત્ન કરે છે, તે બધાં સાથે પણ પ્રશ્નનું નિવારણ નજીકના ભવિષ્યમાં તો દેખાતું નથી. માંગણી ઘણી વધુ છે અને પુરવઠાની માત્રા ઘણી ઓછી છે. એક મુખ્ય પ્રશ્ન તો જમીનનો છે. અહીં જરૂરિયાત કરતાં ઘણી ઓછી જમીન પ્રાપ્ય છે. આ જમીન પર કેટલાક સંપન્ન લોકોનો કબજો છે. બાકીની જમીનમાં અસરકારક બાંધકામ કરી બધાની જરૂરિયાતો સંતોષાય તે પ્રકારના સ્થાપત્ય-ઉકેલની જરૂર છે. સમાજવ્યવસ્થા માટે તો આ પડકાર છે જ, ત્યાંની સરકાર માટે પણ આ સળગતો પ્રશ્ન છે, તેના કરતાં પણ વધારે આ પડકાર સ્થાપત્યનો છે.

ક્યારેક એમ જણાય છે કે સ્થપતિઓએ પોતાની મોટા ભાગની ક્ષમતા ધનિકવર્ગ માટે અનામત રાખી છે. જો તેઓએ શરૂઆતથી જ આ પ્રકારનાં સામાજિક સમૂહ માટે, તેમના આવાસની અસરકારક અને ઇચ્છનીય વ્યવસ્થા માટે, ઉકેલ શોધવા પ્રયત્ન કર્યો હોત તો સમગ્ર વિશ્વમાં પરિસ્થિતિ જ જુદી હોત. નવી સામગ્રીની જરૂરિયાત છે, નવી તકનીક વિકસવી જોઈએ અને બંનેના સમન્વયથી નવી શૈલી પર કામ થવું જોઈએ. ક્યારેક એમ લાગે છે કે સ્થપતિને આમાં રસ નથી.

ઘણા પ્રશ્નો એવા હોય છે કે જેનો ઉકેલ કોઈ એક સંસ્થાના પ્રયત્ન દ્વારા આવી ન શકે. આ સ્થાપત્યનો પ્રશ્ન છે, આ માનવતાનો પ્રશ્ન છે, આ માનવીય ગુણવત્તાનો પ્રશ્ન છે. ઉકેલ તો ગોતવાનો જ છે, પરંતુ પ્રશ્નના મૂળ સુધી પણ જવું જરૂરી છે. પ્રશ્નનો કાયમી ઉકેલ શોધવો હોય તો આ પ્રશ્ન પાછળનાં કારણોની વ્યવસ્થિત તપાસ તો થવી જ જોઈએ.

## આગામી કાર્યક્રમો

### શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### (ઑનલાઇન કાર્યક્રમ)

**◈ ૩ મે, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક શ્રી વિનોદકુમાર શુક્લ

વક્તા : શ્રી ભરત મહેતા

### (ઑફલાઇન કાર્યક્રમો)

**◈ ૧૪ મે, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૦૦**

ફિલ્મની પ્રસ્તુતિ : 'માય ફેર લેડી' (2 કલાક 52 મિનિટ) અને શ્રી અમિતાભ મડિયા દ્વારા તેની સમીક્ષા કરવામાં આવશે.

### જીવન-ઉત્કર્ષ વ્યાખ્યાનશ્રેણી (ઑનલાઇન કાર્યક્રમ)

**◈ ૯ મે, ૨૦૨૫, શુક્રવાર : સાંજના ૫-૩૦**

ઈતિહાસદિન નિમિત્તે શ્રી સંજય ભાવેનું 'જ્ઞાનજ્યોતિનો પ્રકાશ' (મહાત્મા જોતીરાવ ફુલે અને ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફુલેનું જીવનકાર્ય) પર વક્તવ્ય.

### ગુજરાતના સંસ્કારપુરુષ શ્રી પોપટલાલ હેમચંદ સ્મૃતિ-વ્યાખ્યાન

**◈ ૧૭ મે, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦**

શ્રી યુ. એન. મહેતાના વ્યક્તિત્વ વિશે 'The Prescription' ફિલ્મ (૪૭ મિનિટ) દર્શાવવામાં આવશે અને શ્રી યુ. એન. મહેતાના વ્યક્તિત્વ વિશે કુમારપાળ દેસાઈ વક્તવ્ય આપશે.


### આસ્વાદ

**◈ ૧૬ મે, ૨૦૨૫, શુક્રવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'વિજ્ઞાન, વૈજ્ઞાનિક અભિગમ અને આપણે' વિશે ડૉ. દુર્ગેશ મોદી વક્તવ્ય આપશે.




શ્રી અરવિંદ બારોટનાં ચાર પુસ્તકોના વિમોચન પ્રસંગે તેમના દ્વારા
કૃષ્ણભક્તિનાં ગીતોની પ્રસ્તુતિ



‘હનુમાન : રામ તે અધિક, રામ કર દાસા !
(રામથી ચઢિયાતા રામના દાસ)’
વિશે પ્રો. વિજય પંડ્યા



‘ચંદ્રવદન : એક ચીજ અનોખી’
વિશે મહેન્દ્રસિંહ પરમાર

‘પર્યાવરણના સંદર્ભમાં ઈ-વેસ્ટનું મૅનેજમેન્ટ’
વિશે ફાલ્ગુની પટેલ



દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

**વિશ્વવ્યાપી વેબસાઇટ ગુજરાતી લૅક્સિકન(www.gujaratilexicon.com)ની એક નવી સિદ્ધિ**

**35,000 શબ્દો ધરાવતો સંસ્કૃત-ગુજરાતી શબ્દકોશ હવે ઑનલાઇન પ્રાપ્ત થશે**

મૂળ સંસ્કૃત શબ્દ, એનો ગુજરાતી અર્થ અને એના વ્યાકરણનો પ્રકાર ધરાવતો
આ શબ્દકોશ સંસ્કૃત ભાષાના અભ્યાસીઓને આશીર્વાદરૂપ બનશે.

•

અત્યાર સુધીમાં સાડા પાંચ કરોડથી વધુ લોકોએ જોયેલી,
પિસ્તાળીસ લાખ શબ્દ ધરાવતી,
દૈનિક પાંચ હજારથી વધુ લોકો જેની મુલાકાત લે છે અને
ભારત ઉપરાંત વિશ્વના અનેક દેશોમાં અભ્યાસીઓ દ્વારા લૅક્સિકનનો ઉપયોગ થાય છે.

અહીં પ્રાપ્ત થશે અંગ્રેજી - ગુજરાતી શબ્દકોશ (64,000થી વધુ શબ્દો), ગુજરાતી - અંગ્રેજી શબ્દકોશ ( 48,000થી વધુ શબ્દો), ગુજરાતી - ગુજરાતી શબ્દકોશ (સાર્થ જોડણીકોશ, બૃહદ જોડણીકોશ અને ભગવદ્‌ગોમંડલ સહિત) (4,32,000થી વધુ શબ્દો), હિન્દી - ગુજરાતી શબ્દકોશ (37,500થી વધુ શબ્દો), મરાઠી - ગુજરાતી શબ્દકોશ (27,500થી વધુ શબ્દો), સંસ્કૃત - ગુજરાતી શબ્દકોશ (35,000થી વધુ શબ્દો)

આ ઉપરાંત ગુજરાતી લૅક્સિકન વેબસાઇટ ઉપર તમે વિવિધ શબ્દકોશો, કહેવતો અને રૂઢિપ્રયોગ, વિરુદ્ધાર્થ શબ્દો વગેરે જેવી વિગતો માણી શકો છો.

Android : https://play.google.com/store/apps/dev?id=8361835744909835495

iOS : https://apps.apple.com/us/developer/arnion-technologies-private-limited/id660611788

Desktop App : https://www.gujaratilexicon.com/downloads/

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪